તંત્રી લેખ

# માઁ, માતૃભૂમિ અને માતૃભાષાનો કોઈ જોટો જડે તેમ નથી

માતૃભાષાના ગૌરવ ગાન સાથે અન્ય ભાષાઓ પ્રત્યેનો આદર એ જ આપણી સંસ્કૃતિની અભિવ્યક્તિ છે.વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતના નિર્માણથી લીડ લેવા માતૃભાષા અને સંસ્કૃતિના જતન સંવર્ધનથી યોગદાન આપવું જોઈએ.

આપણી ગુજરાતી માતૃભાષા અથી શરૂ થઈને સૌથી ટોપ પર જ્ઞ એટલે કે, જ્ઞાન સુધી વિસ્તરી છે. હૃદયના ભાવ અને સંવેદનાઓને ભાષાથી પ્રગટ કરવાનો પ્રયાસ માતૃભાષાના આવા સમૃદ્ધ જ્ઞાન દ્વારા જ વ્યક્ત થઈ શકે છે. આપણી ભાષા અને સંસ્કૃતિને જીવંત રાખી આગામી પેઢી સુધી પહોંચાડવી એ સમયની જરૂરિયાત છે.

મા, માતૃભૂમિ અને માતૃભાષાનો કોઈ જોટો જડે તેમ નથી. માતૃભાષાનું ગૌરવ કરનારો કોઈ પણ વ્યક્તિ તેમના માટે ગૌરવરૂપ છે. સંસ્કૃતિ, ભાષા અને જ્ઞાન પરંપરાનું વિશેષ મહત્વ છે માતૃભાષા પ્રેમીઓ, સાહિત્યરસિકો, લેખકો, સર્જકો અને પ્રબુદ્ધ નાગરિકો ભાષાના રખોપાં કરી રહ્યા છે. બાળકને બાળપણમાં માતા પાસેથી જે ભાષા મળે તેને માતૃભાષા કહેવામાં આવે છે. વિશ્વમાં અનેક ભાષાઓ બોલાય છે.પરંતુ દરેક વ્યક્તિના જીવનમાં માતૃભાષાનું ખૂબ જ અનેરૂ મહત્વ રહેલું છે. માતૃભાષાનું દરેક વ્યક્તિ પર ઋણ રહેલું હોય છે હાલ પશ્ચિમ સંસ્કૃતિના કારણે અંગ્રેજી ભાષાનું વર્ચસ્વ સતત વધી રહ્યું છે. ત્યારે દરેક વ્યક્તિએ માતૃભાષાનું અરુણ ચૂકવવાની માટે પોતે કી ભાષાનું રખોપા કરવા ખૂબ જ જરૂરી છે.

# સાબરકાંઠા જીલ્લા પોલીસ વડા દ્વારા વડાલી પોલીસ સ્ટેશનનું વાર્ષિક નિરીક્ષણ કરી રેકોર્ડની કરી સમીક્ષા

## ગુંડા તત્વો અને કોમી છાપ ધરાવતા ઈસમોની યાદી તાત્કાલિક અપડેટ કરવા કડક આદેશો જારી



**અબતક, સંજય દિક્ષીત, ઈડર**

સાબરકાંઠા જિલ્લા પોલીસ વડા પાર્થરાજસિંહ ગોહિલે વડાલી પોલીસ સ્ટેશનનું વાર્ષિક નિરીક્ષણ કર્યું હતુ આ નિરીક્ષણ દરમિયાન પોલીસ સ્ટેશન દ્વારા વર્ષ દરમિયાન ગુનાખોરી નિયંત્રણ,કાયદો અને વ્યવસ્થા જાળવણી તેમજ વહીવટી રેકોર્ડની સઘન સમીક્ષા કરી હતી

દસ્તાવેજો અને કામગીરીની ચકાસણી બાદ,એસ.પી એ પી.આઈ ડી.આર.પઢેરીયાના નેતૃત્વ હેઠળ વડાલી પોલીસ ટીમની ગત વર્ષની પ્રશંસનીય કામગીરીની નોંધ લીધી પોલીસ સ્ટેશનના વહીવટી રેકોર્ડ સંતોષકારક જણાયા હતા બદલાતા સમયને ધ્યાનમાં રાખીને, સાયબર ક્રાઈમ રોકવા,ટ્રાફિક વ્યવસ્થા સુધારવા અને ગુનાઓની તપાસ ઝડપી બનાવવા માટે ટેકનિકલ માર્ગદર્શન અને સૂચનાઓ અપાઈ હતી

નિરીક્ષણના ભાગરૂપે,પોલીસ સ્ટેશન ખાતે તેરા તુજકો અર્પણ કાર્યક્રમ વિવિધ ગુનાઓમાં રિકવર કરાયેલા રૂ.૧૨.૫૦ લાખથી વધુના મુદ્દામાલને તેના મૂળ માલિકોને પરત સોંપવામાં આવ્યો હતો પોતાની મિલકત પરત મળતા અરજદારોએ સંતોષ વ્યક્ત કર્યો.

એસપીએ વડાલી પોલીસને વિસ્તારના ગુંડા તત્વો અને કોમી છાપ ધરાવતા ઈસમોની યાદી તાત્કાલિક અપડેટ કરવાની કડક સૂચના આપી હતી આવા તત્વોની તાજી પ્રવૃત્તિઓ અને લોકેશન અંગે માહિતી મેળવી સતત વોચ રાખવા આદેશ અપાયા હતા

નિરીક્ષણના અંતે વડાલી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ખાતે તાલુકાના આગેવાનો અને સર્વ સમાજના પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં લોકદરબાર યોજાયો હતો નગરજનોએ ટ્રાફિક વ્યવસ્થા, રક્ષણ અને સુરક્ષાને લગતા પ્રશ્નો રજૂ કર્યા હતા એસપીએ લોકોની રજૂઆતો શાંતિપૂર્વક સાંભળી ત્વરિત નિરાકરણની ખાતરી આપી હતી.

કાર્યક્રમના અંતે એસપી પાર્થરાજસિંહ ગોહિલે પોલીસ ક્વાર્ટર્સ ખાતે વૃક્ષારોપણ કર્યું અને મિનરલ વોટર પ્લાન્ટનું ઉદઘાટન કર્યું હતુ

# સુત્રાપાડાના સામાજીક આગેવાન બ્રિજેશ ડોડીયાના પુત્ર શિવરાજસિંહનો જન્મદિવસ



સુત્રાપાડા સામાજિક કાર્યકરતા, બ્રિજેશ ભાઈ ડોડિયા ના પુત્ર, શિવરાજસિંહ નો જન્મદિવસ છે.આ જન્મ દિવસ ઉપર મમ્મી કાજલ બેન, ધ્રુવીબેન રુદ્ર ભાઈ દાદી વિજયા બેન, દાદા, રામભાઇ તથા ડોડીયા પરિવારજનો એ બર્થડે બોય શિવરાજસિંહ ના જન્મદિવસે આશીર્વાદ અને શુભેચ્છાઓનો ધોધ વરસાવી રહ્યા છે.. શિવરાજના જન્મ દિન નીમીતે મો.૯૮૯૮૫ ૬૮૫૫૫ પર શુભેચ્છા વર્ષા થઈ રહી છે.

# જામનગર ડિસ્ટ્રિક્ટ કો.ઓપ બેંકની ભાટિયા શાખા દ્વારા અકસ્માત વીમા યોજનાનો પાંચ લાખનો ચેક અર્પણ



**અબતક, નેહુલલાલ, ભાટિયા**

જામનગર ડિસ્ટ્રિક્ટ કો.ઓપ બેંક ભાટિયા શાખા ખાતે કે.સી.સી અંગત અકસ્માત વીમા યોજના અંતર્ગત બેંકના કે.સી.સી ખાતાધારક સ્વ.ખીમા શામજી પરમારનું અકસ્માતે મોત થતા અકસ્માત વીમા યોજના અંતર્ગત તેમના વારસદાર રતનબેન ખીમાભાઈ પરમારને રૂપિયા પાંચ લાખનો ચેક જામનગર ડિસ્ટ્રિક્ટ કો.ઓપ.બેંકના ડિરેક્ટર મેરગભાઈ ચાવડાના હસ્તે અર્પણ કરવામાં આવ્યો હતો. આ તકે બેંકના ભાટિયા શાખાના બ્રાંચ મેનેજર આર.એસ. માડિયા તેમજ મંડળીના પ્રમુખ ભાયાભાઈ ચાવડા તથા ઉપ પ્રમુખ ખેંગારજી વાઢેર તથા મંત્રી પ્રવીણભાઈ ચાવડા તેમજ ભાટિયા શાખા બ્રાન્ચના સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

શિક્ષણ ક્ષેત્રે શુભ સમાચાર

# ઉના તાલુકામાં સરકારી વિજ્ઞાન કોલેજ શરૂ કરવા સરકારની મંજુરી

## ધારાસભ્ય કાળુભાઈ રાઠોડની મહેનત રંગ લાવી



**અબતક, મનુ કવાડ, ગીરગઢડા**

ઉના પંથકના શિક્ષણ વિકાસ માટે મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. વિસ્તારના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નશીલ ધારાસભ્ય કાળુભાઈ રાઠોડના સફળ પ્રયાસોથી તાલુકાના વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરવા ઈચ્છુક વિદ્યાર્થીઓ માટે મોટી સુવિધા ઉભી થવા જઈ રહી છે. વર્ષ ૨૦૨૬થી ઉના તાલુકામાં સરકારી વિજ્ઞાન કોલેજ શરૂ કરવાની મંજૂરી ગુજરાત સરકાર દ્વારા આપવામાં આવી છે.

આ નિર્ણયને કારણે હવે વિસ્તારના વિદ્યાર્થીઓને ઉચ્ચ વિજ્ઞાન શિક્ષણ મેળવવા માટે દૂરના શહેરોમાં જવું નહીં પડે, જેના પરિણામે સમય, ખર્ચ અને મુશ્કેલીઓમાં નોંધપાત્ર ઘટાડો થશે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ માટે આ કોલેજ શિક્ષણના નવા દ્વાર ખોલશે અને સ્થાનિક સ્તરે શિક્ષણનો દર પણ વધશે.

આ પ્રસંગે રાજ્યના સંવેદનશીલ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહિત રાજ્ય સરકાર પ્રત્યે ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ અને આગેવાનો દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. સ્થાનિક લોકોએ પણ આ નિર્ણયને ઐતિહાસિક ગણાવી આનંદ વ્યક્ત કર્યો છે અને આશા વ્યક્ત કરી છે કે કોલેજના પ્રારંભ સાથે સમગ્ર પંથકના શૈક્ષણિક વિકાસને નવી દિશા મળશે.

# જામજોધપુર: એ.વી.ડી.એસ. આર્ટ્સ અને કોમર્સ કોલેજમાં વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી

**અબતક, ભરત ગોહિલ, જામજોધપુર**

ગુજરાત સાહિત્ય અકાદમી અને એ.વી.ડી.એસ.કોલેજ જામજોધપુરના સંયુક્ત ઉપક્રમે માતૃભાષા સપ્તાહ અંતર્ગત તા.૧૯/૦૨/૨૦૨૬ ના રોજ ઉજવણી કરવામાં આવી. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી. પ્રાર્થના બાદ મહેમાનો દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું. મહેમાનોનું બુક, ખાદીના રૂમાલ અને પેનથી સ્વાગત કરવામાં આવ્યું. સ્વાગત બાદ કોલેજના પ્રિન્સિપાલ ડો. અલ્પેશભાઈ વાછાણી સાહેબ દ્વારા માતૃભાષાના મહત્વ વિશે વાત કરી હતી. ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહાનો માતૃભાષા વિશેનો સંદેશો પ્રોજેક્ટરના માધ્યમથી વિધાર્થીએ નિહાળ્યો હતો.

# માણાવદરમાં હોરી રસિયા ફુલ ફાગ મહોત્સવ ઉજવાયો



**અબતક, જીજ્ઞેશ પટેલ, માણાવદર**

માણાવદર પુષ્ટિસંસ્કાર ધામ સમીતી દ્વારા જુનાગઢ મોટી હવેલી વૈષ્ણવ આચાર્ય પિયુષ બાવાશ્રીના સાનિધ્યમાં રસીયા વસંત ધમાર કીર્તનનું આયોજન બાલકૃષ્ણ કોમ્યુનીટી હોલમાં કરવામાં આવ્યું. જેમાં માણાવદર અને ગ્રામ્ય વિસ્તારના વૈષ્ણવો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા. આપશ્રીએ પાઠશાળાના બાળકો સાથે ખુબ જ ઉત્સાહ સાથે ઉત્સવ મનાવ્યો. વૈષ્ણવ કીર્તન મંડળીએ પણ કીર્તન વસંત ધમારનો આનંદ કરાવ્યો હતો.

# અમરેલીની કે. કે. પારેખ કોમર્સ કોલેજ ખાતે ‘મેન્ટલ હેલ્થ અવેરનેસ’ પ્રોગ્રામ યોજાયો



**અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી**

અમરેલી વર્તમાન સમયમાં વધતા જતા માનસિક તણાવ અને ડિપ્રેશન જેવી ગંભીર સમસ્યાઓ સામે જાગૃતિ લાવવાના ઉમદા હેતુથી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ તથા અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત કે. કે. પારેખ કોમર્સ કોલેજ ખાતે મેન્ટલ હેલ્થ અવેરનેસ પ્રોગ્રામનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

શાંતાબા જનરલ સિવિલ હોસ્પિટલ અમરેલી અને જિલ્લા NCD સેલ દ્વારા મેન્ટલ હેલ્થ અવેરનેસ પ્રોગ્રામનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના આશરે ૮૫ જેટલા વિદ્યાર્થીઓએ આ માર્ગદર્શન શિબિરમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમમાં કોલેજના સિનિયર પ્રાધ્યાપક પ્રો. જે. એમ. તળાવીયાએ મહેમાનોનો પરિચય આપી શાબ્દિક સ્વાગત કર્યું હતું. યોગ પ્રશિક્ષક હર્ષાબેને માનસિક સ્વાસ્થ્યની અનિવાર્યતા સમજાવી હતી. તેમણે સ્ટ્રેસ અને ડિપ્રેશન જેવી સ્થિતિમાંથી બહાર આવવા માટેના અસરકારક ઉપચારો વિશે વિદ્યાર્થીઓને માહિતગાર પણ કર્યા હતા. એમ.એસ.ડબલ્યુ. નીતાબેન દ્વારા ઉપસ્થિત તમામ વિદ્યાર્થીઓને માનસિક સ્વાસ્થ્ય જાળવવા અંગેના શપથ લેવડાવવામાં આવ્યા હતા. અમરેલી જિલ્લા વિદ્યાસભાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, ચતુરભાઈ ખુંટ તથા ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ભારતીબેન ફીણવીયાએ સમગ્ર ટીમને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.

શિક્ષણ કભી સાધારણ નહલ હોતે...

# માળીયાની સરકારી શાળાના શિક્ષીકારે બનાવેલ સરળતાથી અંગ્રેજી શિખવાનું મોડેલ રાજય કક્ષાએ ચમકયું

## શિક્ષિકા હર્ષાબેન ભુવાની નવતર પ્રયોગ રાજયકક્ષાએ કરાયું રિલકેટ



**અબતક, જય વિરાણી, કેશોદ**

સરળતાથી અંગ્રેજી શિખવા માટે માળીયા હાટીનાના સરકારી શાળાના શિક્ષિકા એ બનાવેલા મોડેલને રાજય કક્ષાએ પસંદગી મળતા માળીયાના શૈક્ષણીક જગતે ગૌરવ ની લાગણી પ્રસરી છે.

માળિયા હાટીના તાલુકાની સરકારી શાળામાં ફરજ બજાવતા શિક્ષિકા હર્ષાબેન મોહનલાલ ભુવાએ શિક્ષણ ક્ષેત્રે એક અનોખો અને અસરકારક નવતર પ્રયોગ કરીને સમગ્ર જિલ્લાનું ગૌરવ વધાર્યું છે. ગુજરાત રાજ્ય સરકાર દ્વારા આયોજિત ઈનોવેશન ફેસ્ટિવલ-૨૦૨૬ અંતર્ગત શ્રીરામજી ડીસ્ટ્રી ઈન્ટ. ઓફ એજયુ. ટ્રેનીંગ ખાતે યોજાયેલા ઝોન-૨ કક્ષાના કાર્યક્રમમાં તેમના પ્રયોગને દ્વિતીય સ્થાન પ્રાપ્ત થયું હતું અને હવે તેઓ રાજ્યકક્ષાએ પોતાની કૃતિ રજૂ કરવા માટે પસંદ થયા છે.

આ ઝોન-૨ કક્ષાના કાર્યક્રમમાં પોરબંદર, જામનગર, દેવભૂમિ દ્વારકા, જૂનાગઢ, ગીર સોમનાથ અને અમરેલી સહિત કુલ છ જિલ્લાઓની શ્રેષ્ઠ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. વર્ગખંડથી સમાજ સુધીના વિચાર સાથે યોજાયેલા આ ઈનોવેશન ફેસ્ટિવલમાં શિક્ષણ ક્ષેત્રે નવીનતા અને પ્રયોગાત્મક અભિગમને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું.

હર્ષાબેન ભુવાએ નવી શિક્ષણ નીતિ હેઠળ નિર્ધારિત લર્નિંગ આઉટકમ્સને ધ્યાનમાં રાખીને અંગ્રેજી વિષયમાં વિદ્યાર્થીઓને પડતા કઠિન મુદ્દાઓને સરળ બનાવવાનો પ્રયોગ હાથ ધર્યો હતો. આજના યુગમાં બાળકો માટે અભ્યાસ અઘરો બનતો જાય છે, ત્યારે પ્રવૃત્તિ આધારિત અને ગેમ આધારિત પદ્ધતિઓ દ્વારા તેઓએ શિક્ષણને સરળ અને રસપ્રદ બનાવવાનો પ્રયાસ કર્યો છે.

આ પ્રયોગ હેઠળ વિદ્યાર્થીઓ રમત-રમતમાં શબ્દભંડાર, વાંચન, સમજ, બોલવાની અને વાક્યરચનાની કુશળતા વિકસાવે છે. પરિણામે વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ વધ્યો છે, અને અંગ્રેજી વિષય પ્રત્યેનો ભય દૂર થઈ રસ વધ્યો છે. શિક્ષણને અનુભવ આધારિત અને વિદ્યાર્થી કેન્દ્રિત બનાવવાના હેતુને સાકાર કરતો આ પ્રયોગ નિષ્ણાત સમિતિ દ્વારા વખાણાયો હતો.

હર્ષાબેન ભુવાની આ સિદ્ધિથી માત્ર માળીયાહાટીના નહીં પરંતુ સમગ્ર જૂનાગઢ જિલ્લાનું નામ રાજ્યકક્ષાએ ગુંજ્યું છે. શાળા પરિવાર, તાલુકા અને જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા તેમને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા છે

# ધ્રાંગધ્રા કુડા રોડ વચ્ચે રિપેરીંગ બાદ પણ ગાબડાંઓ યથાવત

## ચોમાસાના વરસાદી પાણીના ભરાવાથી પાળા તુટી પડવાનો ભય



**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

રાજયભરમાં નર્મદાની કેનાલોમાં અવાર નવાર ગાબડાં પડે ત્યારે ઉનાળામાં કરોડો રૂપિયાના ખર્ચે કેનલ રીપેરીંગ કામ ના કોન્ટ્રાક્ટ આપવામાં આવે છે તેમ છતાં ધ્રાંગધ્રા કુડા રોડ ઉપર આવેલ નર્મદા ની ધ્રાંગધ્રા બ્રાન્ચ કેનાલમાં પાળ નાં ઢોળાવ ઉપર ગાબડાંઓ નજરે પડતાં ખેડૂતોના જીવ અધ્ધર તાલ બન્યા છેં. કેનાલમાં વરસાદી પાણી ની આવક વધે તો કેનાલ તૂટી પડવાનો ભય ઉભો થયો છે.

હાલ ધાંગધ્રા પાટડી મોરબી અને લખતર વિસ્તાર ને ૧૫૦ જેટલા ગામોને નર્મદાનું ધ્રાંગધ્રા બ્રાન્ચ કેનાલના પાણી દ્વારા ખેતી કરી અને આવક મેળવે છે ત્યારે આ કેનાલ ની યોગ્ય સફાઈ થાય અને યોગ્ય મરામત થાય અને રીપેરીંગ કરવામાં આવે તે માટે ઉનાળામાં કેનાલ ખાલી કરવામાં આવી હતી. આમ ઉનાળામાં કેનાલ ખારી કરવાથી અનેક ગામોના ખેડૂતો દ્વારા કરવામાં આવ્યું એક લાખથી વધુ વિસ્તારમાં વાવેતર ને ભારે નુકસાન ભોગવું પડ્યું હતું ત્યારે કેનાલ ને રીપેરીંગ કરવા માટે નર્મદા વિભાગ દ્વારા કરોડો રૂપિયાની આસપાસનું ટેન્ડર પ્રક્રિયા રીપેરીંગ કામ કરવામાં આવ્યું હતું તેમ છતાં ધ્રાંગધ્રા બ્રાન્ચ કેનાલ માં મોટા ગાબડાંઓ થી ખેડૂતો ચિંતિત બન્યા જ છેં પણ મહત્વ ની વાત એં પણ છેં કે કેનાલમાં અનેક જગ્યાએ ખાડાઓ નજરે ચઢે છેં જે બહુ જલ્દી મોટા ગાબડાં નું સ્વરૂપ ધારણ કરી ખેડૂતો માટે કાળ બની શકે છેં.

ગોપીનાથજી ગૌ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ ઉપક્રમે

# ભુપગઢ પ્રાથમિક શાળામાં કાલે યોજાશે આયુર્વેદિક સર્વ રોગ નિદાન-રકતદાન કેમ્પ

## આર્યુવેદીક પધ્ધતિથી હઠીલા રોગોનુ સચોટ નિદાન-સારવારની અપાશે સેવા

**અબતક, રાજકોટ**

આજના સમયમાં બદલાતી જીવનશૈલીને કારણે લોકોમાં શારીરિક અને માનસિક વ્યાધિઓનું પ્રમાણ વધી રહ્યું છે. સેવા અને સ્વાસ્થ્યના ઉમદા હેતુ સાથે રાજકોટના ભુપગઢ ખાતે આગામી રવિવારે તા.૨૨ ફેબ્રુ.એ એક ભવ્ય આયુર્વેદિક સર્વરોગ નિદાન અને બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પ ગોપીનાથજી ગૌ સેવા ચેરિટેબલ ટ્રસ્ટ-ભુપગઢ, અને જ્ઞાનજ્યોત એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત બી.જી.ગરૈયા આયુર્વેદ હોસ્પિટલ-કાળીપાટના સંયુક્ત ઉપક્રમે યોજાશે. આ કાર્યક્રમ ૨૨-૦૨-૨૦૨૬ ના રોજ સવારે ૧૦:૦૦ થી બપોરે ૧:૦૦ વાગ્યા સુધી ભુપગઢ પ્રાથમિક શાળા ખાતે રાખવામાં આવ્યો છે.

આ શિબિરમાં નિષ્ણાંત તબીબો પોતાની સેવાઓ આપશે. જેમાં જનરલ મેડિસિન, સ્ત્રીરોગ નિષ્ણાંત, બાળરોગ નિષ્ણાંત, કાન-નાક-ગળાના ડોક્ટરો તેમજ અનુભવી સર્જન ડોક્ટરો હાજર રહીને દર્દીઓની તપાસ કરશે. આ તમામ સેવાઓ માટે તદ્દન વિનામૂલ્યે રાખવામાં આવી છે. કેમ્પમાં પક્ષાઘાત, ઘૂંટણ અને સાંધાના દુખાવા જેવી ગંભીર સમસ્યાઓ માટે આયુર્વેદિક પદ્ધતિથી માર્ગદર્શન અપાશે. આ ઉપરાંત દમ, શ્વાસ, કબજિયાત, એસીડીટી, કફના રોગો અને હાઈ બ્લડપ્રેશર જેવી તકલીફોથી પીડાતા દર્દીઓ માટે પણ નિષ્ણાંતો દ્વારા ખાસ નિદાન કરવામાં આવશે.

ચામડીના રોગો, હરસ, મસા, ભગંદર અને વર્ષો જૂના હઠીલા રોગોની સારવારમાં આયુર્વેદ અત્યંત અસરકારક સાબિત થાય છે. આ કેમ્પમાં આ પ્રકારના તમામ રોગો માટેના નિષ્ણાંત ડોક્ટરો ઉપલબ્ધ રહેશે. માનસિક બીમારીઓ અને અનિદ્રા જેવી સમસ્યાઓ માટે પણ પરામર્શ આપવામાં આવશે. આરોગ્ય તપાસની સાથે સમાજ પ્રત્યેની જવાબદારી નિભાવવા માટે બ્લડ ડોનેશન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું છે. સ્વસ્થ યુવાનોને રક્તદાન કરીને પુણ્યનું ભાથું બાંધવા આયોજકો દ્વારા અપીલ કરવામાં આવી છે.

આ આયોજનને સફળ બનાવવા માટે સંજયભાઈ (૯૯૭૮૯ ૫૩૫૩૦), ભુપતભાઈ (૯૯૭૯૫ ૮૪૭૯૫), નરેશભાઈ (૯૯૨૫૪ ૯૨૦૫૨) અને કિરીટભાઈ (૭૬૦૦૫ ૫૭૬૨૨) સહિતની ટીમ જહેમત ઉઠાવી રહી છે. વધુ માહિતી માટે રાજેશભાઈ, જયરાજસિંહ, રૂપેશભાઈ, ભરતભાઈ રાજેન્દ્રભાઈનો સંપર્ક કરી શકાય છે. આ કેમ્પ સંપૂર્ણપણે નિઃશુલ્ક હોવાથી ગરીબ અને મધ્યમ વર્ગના લોકો માટે આશીર્વાદરૂપ સાબિત થશે.

# જસદણ નગરપાલિકાના વેરા વધારા સામે ભારે વિરોધ

## વેરા વધારા સામે લોકોમાં ભારે નારાજી

**અબતક, હિતેષ ગોસાઈ, જસદણ**

જસદણ: જસદણ નગરપાલિકાની ગત સામાન્ય સભામાં એવા કેટલાય એજન્ડાઓને ઉપસ્થિત સભ્યોએ કોઈપણ અડચણ વિના બહુમતીથી પસાર કરી દીધા હતાં જેમાં ગુજરાતના લોકો વિવિધ ટેક્સ ભરે છે તેનો રીતસર વેડફાટ થયો છે અધુરામાં પુરું હોય એવી રીતે ગત ૩૧ જાન્યુઆરીની સામાન્ય સભામાં જે નગરપાલિકા લોકો પાસેથી જે વેરો ઉઘરાવે છે તે વેરામાં ઘરખમ વધારાનો ઠરાવ પસાર કરી વેરા વધારો ઝીંકી દેવામાં આવ્યો છે આ વેરાના વિરોધમાં આગામી દિવસોમાં લોકો રોડ પર ઉતરે એવી હાલ ભીતિ સેવાઈ રહી છે આ અંગે સામાજિક કાર્યકર હુસામુદ્દીન કપાસીએ જણાવ્યું હતું

### મેટોડામાં ભાઈ-બહેનને છરી ઝીંકી દેવાનો મામલો

# બહેનની પજવણીનો ઠપકો આપતા સિક્યુરિટી ગાર્ડએ જીવલેણ હુમલો કર્યો

## બહેનને રસ્તામાં આંતરી વારંવાર પજવતા શખ્સનો ભાઈએ બે માસ પૂર્વે ઉધડો લીધો'તો : પગે પડી કરગરવા લાગતા જવા દીધો'તો

## આજથી તમારી બહેન મારી પણ બહેન છે કહેનાર શખ્સે ઘરમાં ઘુસી ત્યકતાને માથા સહિતના ભાગે છરીના ઘા ઝીંકી દીધા'તા : વચ્ચે પડેલા ભાઈને પણ છરી હુલાવી

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરની ભાગોળે આવેલ મેટોડા જીઆઈડીસી વિસ્તારમાં બહેનની પજવણી કરનાર શખ્સે ઘરમાં ઘુસી મહિલાને માથા સહિતના ભાગે છરીના ઘા ઝીંકી જીવલેણ હુમલો કર્યો હતો. જયારે વચ્ચે છોડાવવા પડેલ મહિલાના ભાઈ પર પણ છરી વડે હુમલો કરાયો હતો. બે માસ પૂર્વે બહેનની પજવણી કરતા શખ્સને ઠપકો આપ્યાનો ખાર રાખી કરાયેલા ખૂની હુમલા મામલે હત્યાની કોશિશ સહીતની કલમો હેઠળ ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે મૂળ રાજુલાના વતની અને હાલ રાજકોટની ભાગોળે આવેલ મેટોડા જીઆઈડીસી ગેટ નં.-૨ ની સામે રહેતા ૨૪ વર્ષીય યુવાન અશ્વિનભાઈ પ્રેમજીભાઈ જોગદીયાએ આરોપી તરીકે સુરેશ નવીનભાઈ મંગેનું નામ આપતાં મેટોડા જીઆઈડીસી પોલિસે બીએનએસની કલમ ૧૦૯(૧),૧૧૮(૨),૩૩૧(૭) અને એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

યુવાને રાજકોટ સિવિલ હોસ્પિટલના બિછાનેથી નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યું હતું કે, હું મેટોડા જીઆઈડીસી ગેટ નંબર ૨ અને ૩ ની વચ્ચે આવેલ આરઈ કમ્પોનેટ્સ નામની કંપનીમાં છેલ્લા ચારેક મહિનાથી સીએનસી મશીન ઓપરેટર તરીકે નોકરી કરું છું. મારા માતા-પિતા અને બહેન નીચેના માળે અને હું અને મારી પત્ની ઉપરના માળે રહીએ છીએ. મારી પત્ની દયાબેન મેટોડા ખાતે ક્લિક ક્રીમ કંપનીમાં નોકરી કરે છે. અમે ત્રણ ભાઈઓ અને બે બહેનો છીએ. જેમાં સૌથી મોટી બહેન શોભનાબેનના લગ્ન થઈ ગયેલ છે, તેનાથી નાનો ભાઈ પરેશ અમારા વતનમાં રહે છે, તેનાથી નાની બહેન પ્રભાબેન છે જેના બે વખત લગ્ન થયેલ હતા પણ છૂટાછેડા થઈ ગયેલ હોય તેણી અમારી સાથે જ રહે છે. તેનાથી નાનો ભાઈ વિનોદ વતનમાં રહે છે અને સૌથી નાનો હું છું. યુવકે જણાવ્યું હતું કે, ગત તા.૨૦-૦૨-૨૦૨૬ ના રોજ સવારના આઠેક વાગ્યાના અરસામાં હું દૂધ લેવા માટે નીચે જતો હતો. ત્યારે અમારા નીચેના માળે જ્યાં મારા માતા-પિતા અને બહેન પ્રભાબેન રહે છે તે રૂમમાંથી રડવાનો અને મારામારીનો અવાજ આવતો હતો અને દરવાજો બંધ હતો. જેથી મેં દરવાજો ખોલવા માટે ખખડાવતા બે થી ત્રણ મિનિટ બાદ દરવાજો ખુલેલ ત્યારે અગાઉ મારી બહેનની પજવણી કરતો સુરેશ મંગે રૂમમાં હાજર હતો અને મારી બહેન રૂમના ખૂણામાં લોહી લુહાણ હાલતમાં નીચે જમીન ઉપર પડેલ હતી. જેથી હું સુરેશ મંગેનો કોલર પકડવા જતા તેણે મારા જમણા હાથ ઉપર છરી મારી દીધેલ હતી જેથી મારા જમણા હાથની બીજી અને ત્રીજી આંગળી ઉપર ઈજા થતા લોહી નીકળવા લાગેલ હતું. બાદ સુરેશ મંગે ત્યાંથી ભાગી ગયેલ હતો. જેથી હું તુરંત ઉપરના માળે જઈ મારી પત્નીને પોલિસ અને એમ્બયુલન્સને જાણ કરવાનું કહ્યું હતું. જેથી પત્નીએ તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ અને ૧૧૨ માં ફોન કરી દેતાં થોડીવારમાં પોલીસ અને એમ્બ્યુલન્સ આવી જતા અમને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલે લઈ ગયેલ હતા. જયા પ્રભાબેનને ઈમરજન્સી વિભાગમાં દાખલ કરેલ હતા. જયારે મારી આંગળીનું ઓપરેશન કરવામાં આવેલ હતું.

યુવકે ફરિયાદમાં વધુમાં જણાવ્યું હતું કે, બે મહિના પહેલા પ્રભાબેને મારી પત્ની દયાને વાત કરેલ હતી કે, સિક્યુરિટીનું કામ કરતો સુરેશ મંગે નામનો શખ્સ તેને બહુ જ હેરાન કરે છે અને રોજ રસ્તામાં ઉભી રાખી પજવણી કરે છે. જેથી મારી પત્નીએ મને વાત કરતા તે દિવસે મેં પ્રભાબેન સાથે મારી પત્નીને મોકલેલ હતા. બંને પ્રભાબેન જે કંપનીમાં કામ કરે છે ત્યાં જતા હતા ત્યારે આશુતોષ રબર કંપનીની સામે સુરેશ મંગેએ પોતાનું મોટર સાયકલ આડું નાખી દેતાં પત્નીએ મને જાણ કરી હતી. જેથી હું તાત્કાલિક ત્યાં પહોંચી ગયો હતો. ત્યારે મેં તેનું નામ પૂછતાં તેણે પોતાની ઓળખ સુરેશ નવીનભાઈ મંગે અને સિક્યુરિટી ગાર્ડ તરીકે નોકરી કરતો હોવાનું જણાવ્યું હતું. બાદ બહેનની પજવણી અંગે પૂછી પોલીસ બોલાવવાનું કહેતા સુરેશ મંગેએ હવે હું તમને હેરાન કરીશ નહીં તેમ કહી પગમાં પડવા લાગ્યો હતો અને પ્રભાબેન આજથી મારા બહેન છે તેવું કહી કરગરવા લાગતા અમને દયા આવતા તેને જવા દીધેલ હતો. બાદ સુરેશે ક્યારેય પજવણી કરી હોય તેવું બહેને જણાવેલ ન હતું.

જેથી ઘરમાં ઘુસી પ્રભાબેનના રૂમમાં પ્રવેશી દરવાજો બંધ કરી જાનથી મારી નાખવાના ઈરાદે પ્રભાબેન પર છરી વડે હુમલો કરી માથાના ભાગે તથા બંને હાથમાં છરીના ઘા ઝીંકી જીવલેણ ઈજાઓ પહોંચાડનાર અને વચ્ચે પડેલા ફરિયાદી યુવાનને હાથના ભાગે છરી ઝીંકી નાસી જનાર સુરેશ મંગે વિરુદ્ધ યુવકે ફરિયાદ નોંધાવી હતી. બનાવને પગલે મેટોડા જીઆઈડીસી પોલિસની ટીમે હત્યાની કોશિશ સહીતની કલમો હેઠળ ગુનો નોંધી હુમલાખોરની શોધખોળ શરૂ કરી હતી.

## મેટોડા જીઆઈડીસી પોલિસે હત્યાની કોશિશ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી સાયકો સુરેશની શોધખોળ આદરી

# પ્રાંતિજના કતપુર ટોલનાકા પાસેથી કારમાંથી રૂ.૧.૦૫ લાખના દારૂ સાથે એક ઝડપાયો

## એલ.સી.બી.એ રૂ.૬.૧૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ચાર વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી



**અબતક**
**સંજય દિક્ષિત, સાબરકાંઠા**

સાબરકાંઠા જીલ્લાના પ્રાંતિજ એલ.સી.બી એ કતપુર ટોલનાકા પાસેથી કારમાંથી રૂપિયા ૧,૦૫,૬૦૦ નો વિદેશી દારૂ ઝડપી પાડ્યો છે કાર સહિત કુલ રૂપિયા ૬,૧૦,૬૦૦ નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ચાર આરોપીઓ સામે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પ્રાંતિજ ટોલનાકા નજીક કતપુર ગામ જવાના નાકા પાસે વોચ ગોઠવવામાં આવી હતી જે બાતમી મુજબ હિંમતનગર તરફથી પ્રાંતિજ ટોલનાકા તરફ જેજે.૧૮.બી.એમ. ૬૭૭૨ નંબરની સફેદ કલરની અર્ટીગા ગાડી આવતા તેને આડશ કરી રોકવાનો પ્રયાસ કરાયો હતો. ગાડીના ચાલકે ગાડી ધીમી કરી થોડે દૂર જઈ તેમાં બેઠેલા ચાલક અને બાજુમાં બેઠેલો અન્ય એક ઈસમ ભાગવા લાગ્યા હતા તેઓનો પોલીસે પીછો કરીને ગાડીના ચાલકને પકડી પાડ્યો હતો જ્યારે બીજો ઈસમ ફરાર થઈ ગયો હતો. ઝડપાયેલા આરોપીનું નામ જીતેન્દ્ર નાથુલાલ નાનુરામ ડામોર (મીણા), (રાજસ્થાન) છે. ફરાર થયેલા આરોપીઓમાં કાલુરામ આદિવાસી (રહે.ખેરવાડા), હરેશ (પાયલોટિંગ કરનાર ઈકો ગાડીનો ચાલક,પૂરા નામ-ઠામ નથી) અને અનિલ દાદુભાઈ બરંડા (રહે. અનેલા, થાના પહાડા, તા. નયાગાવ, જિ.ઉદયપુર) નો સમાવેશ થાય છે જેણે બિયરનો જથ્થો ભરી આપ્યો હતો.

# ધ્રાંગધ્રાના રામદેવપુર ગામે વીજ ટીમને ધમકી

## વીજ કર્મીને પિતા-પુત્રે ધક્કો મારી અપશબ્દ કરી જાનથી મારી નાખવાની આપી ધમકી

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા તાલુકાના રામદેવપુર ગામે વીજ ચોરી અંગે ચેકિંગ કરવા ગયેલી પીજીવીસીએલ ની ટીમ સાથે ધમકી અને ફરજમાં રોકાવટ થયાની ઘટના સામે આવી છે આ મામલે ધ્રાંગધ્રા તાલુકા પોલીસ સ્ટેશનમાં બે વ્યક્તિઓ સામે ગુનો દાખલ કરી છે. મળતી માહિતી મુજબ, ધ્રાંગધ્રા ગ્રામ્ય વિસ્તારમાં પીજીવીસીએલ દ્વારા ૧૧ અલગ અલગ ટીમ બનાવી ગેરકાયદેસર વીજ વપરાશ સામે ચેકિંગ અભિયાન હાથ ધરાયું હતું તે દરમિયાન રામદેવપુર ગામે એક મકાનમાં ગેરકાયદેસર રીતે વીજ કનેક્શન લઈને વપરાશ થતો હોવાની માહિતીના આધારે અધિકારીઓ સ્થળ પર પહોંચ્યા હતા ચેકિંગ દરમિયાન અધિકારીઓ ઘર અંદર જઈ તપાસ કરી રહ્યા હતા ત્યારે ત્યાં રહેલા નાગરભાઈ કાળુભાઈ કોપણીયા અને જીગ્નેશભાઈ નાગરભાઈ કોપણીયા દ્વારા ઉગ્ર વલણ દાખવાયું હોવાનું જણાવાયું છે અધિકારીઓને અપશબ્દો બોલી ધક્કામુક્કી કરી બહાર કાઢવામાં આવ્યા હતા તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી ફરજમાં અવરોધ ઉભો કર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે આ બનાવ અંગે પીજીવીસીએલ અધિકારી દ્વારા ધ્રાંગધ્રા તાલુકા પોલીસ સ્ટેશન ખાતે લેખિત ફરિયાદ નોંધાવવામાં આવી છે પોલીસે આરોપીઓ સામે જાનથી મારી નાખવાની ધમકી તથા સરકારી ફરજમાં રોકાવટ અંગે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

# ધ્રાંગધ્રામાં પોલીસ દ્વારા ટ્રાફિક ડ્રાઈવ

## રોમિયોગીરી કરતા ૭ બાઈક ડીટેઈન કરી ૧૬૦૦૦નો દંડ ફટકાર્યો



**અબતક**
**સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા શહેર પોલીસ દ્વારા ડ્રાઈવ નું આયોજન કરવામાં આવેલ જેમાં નંબર પ્લેટ વગર ના વાહ નો તથા લાયસન્સ કાગળ વગર મોટરસાયકલ ૭ ડીટેઈન કરી ૧૬૦૦૦ રૂપિયાનો ડંડ ફટકારવામાં આવ્યો છે.

ધ્રાંગધ્રા શહેરના વિવિધ વિસ્તારો માં સીટી પી આઈ એમ યુ મશી અને ટ્રાફિક હેડ કોસ્ટેબલ, મહેન્દ્રસિંહ સોલાંકી સહીત સ્ટાફ દ્વારા ફુલેશ્વર મંદિર, રોકડિયા સર્કલ, સહીત વિસ્તારમાં રોમિયોગીરી કરતા બાઈક ચાલકો ને ૧૬,૦૦૦ મેમો આપેલ તથા ફેન્સી નંબર પ્લેટ બાઈક ૭, ડીટેઈન કરવામાં આવ્યા હતા અને ટ્રાફિક સમસ્યા દૂર કરવામાં આવી વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખી ધ્રાંગધ્રા સીટી પોલીસ ડિપાર્ટમેન્ટ દ્વારા સુરક્ષાના ભાગરૂપે સંવેદનશીલ વિસ્તારો શાક માર્કેટ રોડ , ફુલેશ્વર રોડ રાજકમલ ચોક સહીતમા ફૂટ પેટ્રોલીંગ હાથ ધરેલ હતું

# અમરેલી પોલીસની લાલ આંખ: તસ્કર બેલડી પાસા હેઠળ જેલભેગી

## આટકોટનો અક્ષય સાઠમીયા, મહમદ હુસેન કટારીયાને અમદાવાદ જેલમાં ધકેલાયો



**અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી**

અમરેલી જિલ્લામાં અસામાજિક પ્રવૃત્તિઓ અને મિલકત સંબંધી ગુનાઓ આચરતા તત્વો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી છે. જે અંતર્ગત અમરેલી એલ.સી.બી., વડીયા પોલીસ અને બાબરા પોલીસે સંયુક્ત રીતે કાર્યવાહી કરી બે રીઢા ગુનેગારોને પાસા હેઠળ અમદાવાદ મધ્યસ્થ જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે. આટકોટનો રહેવાસી ૨૫ વર્ષનાઆરોપી અક્ષય જાણીભાઈ સાઠમીયા અને ૩૩ વર્ષીય જસદણ ના રહેવાસી મહમદહુસેન હબીબભાઈ કટારીયાને અમદાવાદ મધ્યસ્થ જેલમાં મોકલી અપાયા છે. આ બંને આરોપીઓ વિરુદ્ધ વડીયા, બાબરા અને વિછીંયા પોલીસ મથકમાં ચોરી અને મિલકત સંબંધી અનેક ગુનાઓ નોંધાયેલા છે. અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ વિકલ્પ ભારદ્વાજ દ્વારા આ બંને ઈસમોની સમાજ વિરોધી પ્રવૃત્તિઓ પર અંકુશ લાવવા માટે પાસાનું વોરંટ ઈસ્યુ કરવામાં આવ્યું હતું. એલ.સી.બી. ઈન્સ. એ.ડી.ચાવડા, વડીયા પો.સ્ટે. ઈન્ચાર્જ ઈન્સ. એ.એન.ગાંગણા, બાબરા પો.સ્ટે. ઈન્સ. એમ.આર.શેઠ તથા એલ.સી.બી. અને સ્થાનિક પોલીસ ટીમો દ્વારા કરવામાં આવી હતી.

અમરેલી પોલીસની આ કડક કાર્યવાહીથી રીઢા ગુનેગારોમાં ફફડાટ વ્યાપી ગયો છે અને સામાન્ય નાગરિકોની માલ-મિલકતની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે આ એક મહત્વનું પગલું ગણવામાં આવે છે.

# ગોંડલની ભગવતી જવેલર્સના સંચાલકો ગ્રાહકોના રૂ.૧૩ લાખ મેળવી છનનન

## ઘરેણા બનાવવાના નામે ગોંડલના પ્રૌઢના રૂ.૫.૩૦ લાખ, અન્ય એક ગ્રાહકના ૫.૪૦ લાખ અને ખોખળદળના ગ્રાહકના ૨.૩૦ લાખ લઈ પેઢીને તાળા મારી પિતા-પુત્ર ભૂગર્ભમાં ઉતરી ગયા: ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

ગોંડલમાં ભગવતી જવેલર્સના સંચાલક પિતા-પુત્ર ઘરેણાં બનાવવાના નામે ગ્રાહકો પાસેથી રૂ. ૧૩ લાખ મેળવી પેઢીને તાળું મારી ભૂગર્ભમાં ઉતરી જતાં ગુનો નોંધાયો હતો. જેમાં ગોંડલના પ્રૌઢના રૂ.૫.૩૦ લાખ, અન્ય એક ગ્રાહકના ૫.૪૦ લાખ અને ખોખળદળના ગ્રાહકના ૨.૩૦ લાખ મેળવી સોની વેપારી પોબારા ભણી જતા પોલીસે તપાસ આદરી છે.

બનાવ અંગે ગોંડલના કડવાણીનગર રામ મંદીર પાસે રહેતાં જીતેશભાઈ જેન્તીભાઈ પરમાર (ઉ.વ.૫૪) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે ગોંડલમાં મોટી બજારમાં આવેલ ભગવતી જવેલર્સના વિજય મનુ રાણપરા તેમજ તેમનો પુત્ર આનંદ રાણપરા (રહે. બંને ગોંડલ) નું નામ આપતાં ગોંડલ પોલીસે છેતરપીંડીની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ કડીયાકામ કરી પરીવારનુ ગુજરાન ચલાવે છે.

ગઈ તા.૨૫/૦૯/૨૦૨૫ ના તેમના દિકરા રૂષીતભાઈના લગ્ન હતાં અને જે લગ્નમાં દિકરાની વહુ માટે સોનાના દાગીના કરાવવાના હોય જેથી તેઓ પત્ની સાથે ગોંડલમા આવેલ ભગવતી જવેલર્સમાં સોનુ પાસ કરવા માટે ગયેલ હતા. ત્યા આ ભગવતી જવેલર્સના માલીક વિજય રાણપરા તથા તેમનો દિકરા આનંદ બન્ને ત્યા દુકાનમાં બેસતા હોય અને ફરીયાદીએ સોનુ પાસ કરેલ હતું. તેમા એક સોનાની હાંસડી તથા બે મંગલ સુત્ર એમ કુલ ૭.૫ તોલા દાગીના નક્કી કરેલ તેના રૂ.૫.૩૦ લાખ થતા હતા.

જેથી ત્યારે રૂ.૧.૫૦ લાખ રોકડા જમા કરાવેલ અને બીજે દિવસે તા.૨૬/૦૯ ના સોનાના બાકી રહેલ રકમમાં રૂ.૫૦ હજાર જમા કરાવેલ એમ કુલ રૂ.૨ લાખ જમા કરાવેલ હતા. જેમા દગીનાના રૂ.૩.૩૦ લાખ ઘટતા હોય જે ગઈ તા.૨૮/૦૯ ના જમા કરેલ હતા. જેથી એક સોનાની હાંસડી તથા બે મંગલ સુત્ર જેનો વજન- ૭ તોલા ૫ ગ્રામ સોનુ જેના કુલ રૂ.૫.૩૦ લાખ આ વિજય રાણપરા તથા તેમનો દિકરો આનંદને જમા કરાવેલ હતા.

બંને પિતા-પુત્ર સોનાની હાંસડી તથા સોનાના બે મંગલ સુત્ર તૈયાર કરીને આપતા ન હોય અને અવાર નવાર કહેવા છતા વાયદાઓ આપતા હતાં. ગઈ તા.૨૪/૧૧ ના બંને આરોપી પોતાની દુકાન બંધ કરીને ક્યાક જતા રહેલ હતાં. જેથી ફરીયાદી સાથે સોની પિતા પુત્રએ વિશ્વાસમા રાખી સોનાના રૂ.૫.૩૦ લાખ લઈ વિશ્વાસઘાત કરેલ છે.

તેમજ તેઓને જાણવા મળેલ કે, આ પિતા-પુત્રએ મળીને ગોંડલમાં રહેતા સાગરભાઈ નરશીભાઈ માલવીયાના ૪ તોલા ૪૩ મીલી ગ્રામ રૂ.૫.૬૦ લાખનુ તથા ખોખડદડ ગામના કિશોરભાઈ જીવાભાઈ પરમારે એક સોનાની હાંસડી, ચાંદીના કડા તથા ચાંદીનો કંદોરો તથા સોનાનુ મંગળ સુત્ર અને સોનાના પાટલા નાખેલ હોય અને આ સોના તથા ચાંદીના વસ્તુ લેવા માટે આપેલ રોકડ રૂ.૨.૨૩ લાખ લઈ જતા રહેલ હોવાનું પણ સામે આવ્યું છે. હાલ પોલીસે રૂ. ૧૩.૧૩ લાખ મેળવી નાસી જનાર પિતા-પુત્ર વિરુદ્ધ ગુનો નોંધી શોધખોળ આદરી છે.

# અંજારના ચંદીયા ગામે ગુમ થયેલી યુવતિને પ્રેમીએ મિત્રની મદદથી મોતને ઘાટ ઉતારી

## પ્રેમિકાને ગર્ભ રહી જતા લગ્ન માટે દબાણ કરતા ગળેટુંપો આપી હત્યા નિપજાવી પથ્થર બાંધી લાશને કુવામાં ફેંકી દીધી: પી.આઈ. એ.આર. ગોહિલ ટીમે ખુનનો ભેદ ઉકેલયા



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

પોલીસ દ્વારા મળતી માહિતી મુજબ તા.૧૯/૦૨/૨૦૨૬ બપોરના ભાગે અંજાર તાલુકા વિસ્તારના ચંદીયા ગામના ફરયાદીએ પો.સ્ટે માં જાણ કરી કે મારી દિકરી ગઈ તા.૧૮/૦૨/૨૦૨૬ ના કલાક.૦૩/૦૦ વાગ્યાના અરસામાં કોઈને કહ્યા વગર નિકળી ગયેલ હોવાની જાણ કરતા તુરંત તેઓની ગુમનોધ દાખલ કરવામાં આવી. જે અનુસંધાને પીઆઈ એ.આર.ગોહીલે પોતે જાતે રસ દાખવી તાત્કાલીક શોધખોળ કરવા માટે પોલીસની જુદી-જુદી ટીમો બનાવી ચંદીયા ગામ તથા સીમ વિસ્તારમાં મોકલી આપી અને પોલીસ સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન હ્યુમનસોર્સ આધારે જાણવા મળ્યું કે ગુમથનારની સાથે રાજેશ ભીખાભાઈ રબારી રહે.ચંદીયા વાળાને પ્રેમ સંબંધ છે અને તેઓને તે ભગાડી ગયા હોવાની બાતમી મળતા ઈસમને યુકતી-પ્રયુકિતથી ઉંડાણપુર્વક પુછપરછ કરતા આરોપી રાજેશે કબુલાત આપતા જણાવ્યું કે, ગુમથનાર સાથે છેલ્લા એકાદ વર્ષથી પ્રેમ સંબંધ હતો અને અમે અવાર નવાર સીમ વિસ્તારમાં મળતા અને આ ગુમથનાર પ્રેગનેટ થઈ જતા મને લગ્ન કરવાનું દબાણ કરતી હોઈ જેથી મારે લગ્ન ન કરવા હોઈ મે મારા મિત્ર રાહુલ રતાભાઈ રબારી રહે.મખિયાણ તા.અંજાર વાળાને વાત કરી મારીનાખવાનુ કાવતરૂ બનાવ્યું અને

બે-ત્રણ દિવસ અગાઉ ઘરેથી ભાગી જઈને લગ્ન કરવાના બહાને રાધાને ગામના સીમાડે લઈ આવ્યો હતો અને મિત્ર રાહુલ રબારી (રહે. મખિયાણા)ની મદદથી સૌપ્રથમ રાધાને ગળેટૂંપો આપી મારી નાખી હતી. બાદમાં વજનદાર પથ્થર બાંધીને રાધાની લાશને સીમાડે આવેલા પાણી ભરેલાં કૂવામાં નાખી દીધી હતી. કબુલાત આપતા હત્યાના ગુનાની ગંભીરતાને ધ્યાને લઈ પીઆઈ એ.આર.ગોહીલે પોલીસ હેડ કોન્સ.સેધાજી લાખાજી પરમારની સરકાર તરફે ફરીયાદ લઈ બન્ને આરોપીઓ વિરૂધ્ધ ગુનો રજીસ્ટર કરાવી ગુનાને અંજામ આપનાર આરોપીઓ રાજેશભાઈ ભીખાભાઈ રબારી અને રાહુલ રતાભાઈ રબારીને પકડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે

આ કામગીરી અંજાર પીઆઈ એ.આર.ગોહીલ, પીએસઆઈ એસ.જી.વાળા તથા અંજાર પોલીસ સ્ટાફના માણસોએ સાથે રહી કરેલ છે.

# પડધરીના ખંઢેરીમાં તરૂણીએ ઝેરી દવા ગટગટાવી

**અબતક, રાજકોટ**

પડધરી તાલુકાના ખંઢેરી ગામમાં ખેતમજૂરી કરતા પરિવારની ૧૬ વર્ષીય તરુણીએ ગઈકાલે રાત્રે અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેતા તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવી છે. તરુણીએ કયા સંજોગોમાં આ આત્મઘાતી પગલું ભર્યું તે અંગે પોલીસે તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, મૂળ મધ્યપ્રદેશના વતની અને હાલ પડધરીના ખંઢેરી ગામે ભાનુબાપુની વાડીમાં રહી ખેતીકામ કરતા શ્રમિક પરિવારની દીકરી રસીલાબેન રાજુભાઈ ગણવા (ઉં.વ. ૧૬) ગઈકાલે રાત્રે સાડા આઠ વાગ્યાના અરસામાં વાડીએ હતી, ત્યારે તેણે કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી લીધી હતી. ઘટનાની જાણ થતા જ પરિવારજનોએ તેને તાત્કાલિક સારવાર અર્થે રાજકોટની સરકારી હોસ્પિટલમાં ખસેડી હતી. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે રસીલાના પિતા ખેતીકામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. રસીલા બે ભાઈ અને બે બહેનોમાં સૌથી મોટી છે. કયા કારણોસર આ પગલું ભર્યું તે દિશામાં પડધરી પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

# રીબડા નજીક હિટ એન્ડ રન: ટ્રકે બાઈકને અડફેટે લેતા યુવાનનું મોત

## મજૂરી કામે જતી વખતે પીપળીયા પાસે સર્જાયેલા અકસ્માતમાં શ્રમિકનું મોત

**અબતક, રાજકોટ**

ગોંડલ તાલુકાના પીપળીયા અને રીબડા વચ્ચે આવેલા પુલ પર ગઈકાલે બપોરે અકસ્માત સર્જાયો હતો. પૂરપાટ ઝડપે આવતા ટ્રક ચાલકે મોટરસાયકલને અડફેટે લેતા મધ્યપ્રદેશના ૨૦ વર્ષીય શ્રમિક યુવાનનું ગંભીર ઈજાઓ થવાને કારણે મોત નીપજ્યું છે.

પ્રાપ્ત વિગતો મુજબ મૂળ મધ્યપ્રદેશના વતની અને હાલ ગોંડલની ઉંબાળા ચોકડી પાસે રહી મજૂરી કામ કરતા ગોવિંદભાઈ તુલુભાઈ શિંગાડ (ઉં.વ. ૨૦) ગઈકાલે બપોરના સમયે પોતાનું મોટરસાયકલ લઈને મજૂરી કામ અર્થે જઈ રહ્યા હતા. આ દરમિયાન પીપળીયા અને રીબડા વચ્ચેના પુલ પર પહોંચતા જ અજાણ્યા ટ્રક ચાલકે તેમના બાઈકને ટક્કર મારી હતી. અકસ્માતમાં ગોવિંદભાઈને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘટનાના પગલે આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા અને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેમને રાજકોટની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.

બનાવની જાણ થતા જ ગોંડલ પોલીસે હોસ્પિટલ પહોંચી જરૂરી કાર્યવાહી કરી હતી. મૃતક યુવાન મજૂરી કામ કરી પોતાનું ગુજરાન ચલાવતો હતો, ત્યારે તેના આકસ્મિક અવસાનથી પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. પોલીસે આ મામલે અકસ્માતનો ગુનો નોંધી, ફરાર ટ્રક ચાલકને ઝડપી પાડવા વધુ તપાસ હાથ ધરી છે.

# વાંકાનેર પંથકના સૌની યોજનાની કામગીરી ઝડપથી પુરી કરવા ધારાસભ્ય જીતુભાઇ સોમાણીની સફળ રજુઆત

## પાણી પુરવઠા મંત્રીને કરેલી રજુઆતને સકારાત્મક પ્રતિસાદ

**અબતક**
**લીતેશ ચંદારાણા, વાંકાનેર**

વાંકાનર પંથકના ખેતરે ખેતરે સિંચાઇની સુવિધા માટે આશિર્વાદ રુપ બનનાર સૌની યોજનાની કામગીરી ઝડપથી આગળ વધારવા ધારાસભ્ય જીતુભાઇ સોમાણીની સફળ રજુઆતને પગલે પાણી પુરવઠા મંત્રીએ સોની યોજનાની ટેન્ડટીંગ પ્રક્રિયા ઝડપથી આગળ વધારવા આદેશ આપ્યો છે.વાંકાનેર ધારાસભ્ય જીતુભાઇ સોમાણીએ ગાંધીનગર ખાતે પાણી પુરવઠા મંત્રી ઈશ્વરભાઈ પટેલ સાથે મુલાકાત કરી ને વાંકાનેરની સૌની યોજના અંગે રજુઆત કરી હતી. તેને મંત્રીએ સકારાત્મક પ્રતિસાદ આપી યોજના ત્વરીત આગળ વધારવા આદેશ આપ્યો છે.

જયારથી જીતુભાઇ સોમાણી ધારાસભ્ય બન્યા છે ત્યારથી ૬૭-વિધાનસભા મત વિસ્તારમાં રોડ રસ્તા તેમજ પાણી પુરવઠાને લગતા કે અન્ય પ્રશ્નનો હોય તેનો વહેલી તકે ઉકેલ આવે તેની ચિંતા કરે છે.ત્યારે સત્રની રિસેસમાં પણ સમય કાઢી કરેલા પ્રયત્નો વચ્ચે વાંકાનેર વિસ્તારમાં સૌની યોજનાની વહીવટી મંજુરી મેળવવામાં સફળતા મેળવી છે. અને તાંત્રિક કક્ષાએ કામગીરી હોય ત્યારે આગળની કાર્યવાહી કરી ઝડપની ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવે તો માટે ગુજરાત સરકારના પાણી પુરવઠા મંત્રી ઈશ્વરભાઇ પટેલને પત્ર આપી રજુઆત કરી હતી અને પાણી પુરવઠા મંત્રીએ આ કામગીરી ત્વરીત આગળ ધારવાનો આદેશ આપતા વાંકાનેર પંથકના સૌની યોજના જલ્દીથી લાભ મળશે.



# મોરબી નજીક અજાણ્યા વાહનની ઠોકરે રાહદારીનું મોત

## ચાલીને જઈ રહેલા યુવાનનું અકસ્માતમાં મોત, પરિવારમાં અરેરાટી

**અબતક રાજકોટ**

મોરબી-માળિયા હાઈવે પર ગઈકાલે બપોરના સમયે અકસ્માત સર્જાયો હતો. કોઈ કામ અર્થે ચાલીને જઈ રહેલા ૩૭ વર્ષીય યુવાનને અજાણ્યા વાહન ચાલકે અડફેટે લેતા તેનું ગંભીર ઈજાઓ થવાથી મોત નીપજ્યું છે.પ્રાપ્ત વિગતો મુજબ મૂળ ઉત્તર પ્રદેશના વતની અને હાલ મોરબીના કાંતિનગર વિસ્તારમાં રહીને ડ્રાઈવિંગનો વ્યવસાય કરતા ધર્મેન્દ્રભાઈ શારદાભાઈ ચૌહાણ (ઉં.વ. ૩૭) ગઈકાલે બપોરે આશરે ૨:૦૦ વાગ્યાની આસપાસ મોરબી-માળિયા રોડ પરથી ચાલીને પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન કોઈ અજાણ્યા વાહને તેમને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માતને પગલે ધર્મેન્દ્રભાઈને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને ૧૦૮ મારફતે તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડ્યા હતા, પરંતુ ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. બનાવની જાણ થતા જ મોરબી પોલીસની ટીમ હોસ્પિટલ પહોંચી હતી. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક ધર્મેન્દ્રભાઈ અહીં એકલા રહીને ડ્રાઈવિંગ કરી પોતાનું ગુજરાન ચલાવતા હતા. બનાવને લઈ પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. હાલમાં પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી, ટક્કર મારીને નાસી છૂટેલા અજાણ્યા વાહન ચાલકને પકડવા માટે વધુ તપાસ હાથ ધરી છે.

# મોરબી નજીક ઉન્નતિ પ્લાસ્ટોમાં ભીષણ આગ

## સ્થાનીક અને રાજકોટના ફાયર ફાઈટર બોલાવી આગને કાબુમાં લીધી

**અબતક**
**ૠષિ મહેતા, મોરબી**

મોરબીના રાજપર-ચાચાપર રોડ પર આવેલ ઉન્નતિ પ્લાસ્ટો કારખાનામાં આજે વહેલી સવારે ભીષણ આગ લાગી હતી. આગને કાબૂમાં લેવા મોરબી ફાયર વિભાગ દ્વારા પાણીના બાઉઝર અને મિનિ ફાયર ફાઈટર સાથે કામગીરી હાથ ધરાઈ છે તેમજ રાજકોટથી પણ વધારાની ફાયર ટીમ બોલાવવામાં આવી છે.



મોરબી ૧૦૧ ફાયર કંટ્રોલ રૂમમાં કોલ મળ્યો હતો કે રાજપર-ચાચાપર રોડ ઉપર ખાનપર પાસે ઉન્નતિ પ્લાસ્ટો નામના કારખાનામાં આગ લાગી છે. જાણ મળતા જ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. આગ ભીષણ હોવાને કારણે એક વોટર બાઉઝર અને એક મિનિ ફાયર ફાઈટર ઘટનાસ્થળે મુકવામાં આવ્યા હતા. આગ વધુ ફેલાતી રોકવા માટે રાજકોટથી પણ વધારાની ફાયર ટીમ મંગાવવામાં આવી હતી. હાલ ફાયર વિભાગ દ્વારા આગ પર સંપૂર્ણ કાબૂ મેળવવા જહેમત ઉઠાવવામાં આવી રહી છે. પ્રાથમિક તબક્કે આગ લાગવાનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી. સદનસીબે બનાવમાં કોઈને ઈજા પહોંચી નથી.

# મોરબી: જતીન આડેસરાના હત્યારાને ગણતરીના કલાકોમાં ઝડપી લીધો

## મોટર સાયકલને ઓવરટેક કરવા મુદ્દે બે બાળ આરોપીએ વેપારીનું છરીના ઘા ઝીંકી ઢીમ ઢાળી દીધું

**અબતક**
**ૠષિ મહેતા, મોરબી**

મોરબીના શનાળા રોડ પર રંગોલી આઈસ્ક્રીમ નજીક જતીન આડેસરા નામના સોની વેપારીની થયેલી હત્યાનો પોલીસે ઝડપથી ભેદ ઉકેલી બે સગીર આરોપીઓને પકડી પાડ્યા છે. મોરબીના શનાળા રોડ પર રંગોલી આઈસ્ક્રીમ નજીક જતીનભાઈ રસિકભાઈ આડેસરાની હત્યાએ શહેરમાં ચકચાર મચાવી હતી. પ્રાપ્ત માહિતી મુજબ, જતીનભાઈ પરિવાર સાથે રાજકોટથી કારમાં પરત ફરી રહ્યા હતા ત્યારે આગળ જતા એક્સેસ મોટરસાઈકલને ઓવરટેક કરવાની બાબતે બોલાચાલી સર્જાઈ હતી. દરમિયાન એક્સેસ પર સવાર બે સગીર શખ્સો ઉશ્કેરાઈ જતા જતીન સોની પર છરી વડે હુમલો કર્યો હતો. આરોપીઓએ ઉપરાછાપરી ત્રણ જેટલા ઘા ઝીંકતા તેઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા. અને તેમનું થોડી જ વારમાં કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. પોલીસે ગણતરીના કલાકોમાં જ બંને સગીરને ઝડપી લીધા હતા. તપાસ દરમિયાન આરોપીઓના પરિવારના રહેણાંક મકાનની ઝડતી લેવામાં આવતા બીયરના ૨૨ ટીન, બુલેટ તથા કેટલાક દસ્તાવેજો મળી આવ્યા હતા. આ મુદ્દે મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથક ખાતે અલગથી ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરવામાં આવી છે.

### હત્યારો બાળ આરોપીના પિતા બિયરના જથ્થા સાથે ઝડપાયો

### પોલીસે દરોડો પાડી મકાનમાંથી ૨૨ બિયરના ટીન અને બુલેટ કબ્જે કર્યા: સપ્લાયરની શોધખોળ

મોરબી શહેરના લીલાપર રોડ ઉપર યદુનંદન ગૌશાળા પાછળ આવેલ બોરીચાવાસના રહેણાંક મકાને સીટી એ ડિવિઝન પોલીસ દ્વારા ઝડતી કાર્યવાહી કરવામાં આવી હતી, આ કાર્યવાહી દરમિયાન ઘરમાંથી કિંગફિશરના ૨૨ નંગ ટીન કિ.રૂ.૩,૯૬૦/-મળી આવતા તુરંત લિસ્ટેડ આરોપી ભરતભાઈ ઉર્ફે બી.કે. કાળુભાઈ ગોગરા ઉવ.૪૩ ની અટકાયત કરવામાં આવી હતી. આ સાથે પકડાયેલ આરોપીની પૂછતાછમાં આ બોયરનો જથ્થો વીસીપરામાં રહેતા રમજાન ઓસમાણભાઈ મોવર પાસેથી મેળવ્યો હોવાની કબૂલાત આપી હતી. આ સાથે પોલીસે બિયરની ગેરકાયદેસરની હેરાફેરીમાં ઉપયોગમાં લેવાયેલ બુલેટ તથા એક મોબાઈલ સહિત રૂ.૧,૧૮,૯૬૦/-નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

વધુમાં, ઘરની ઝડતી દરમિયાન, ઘરમાંથી અલગ અલગ ૮ દસ્તાવેજો મળી આવ્યા હતા, જે તમામ દસ્તાવેજો પણ તપાસના કામે કબ્જે લીધા હોવાનું સામે આવ્યું છે. ત્યારે હાલ પોલીસે ઉપરોક્ત બન્ને આરોપીઓ વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી હાજર નહીં મળી આવેલ આરોપીની શોધખોળ શરૂ કરી છે.

# ટંકારા નજીક બે કાર વચ્ચે અકસ્માતમાં ત્રણ ઘાયલ

**અબતક, ૠષિ મહેતા, મોરબી**

ટંકારાના મિતાણા-નેકનામ રોડ ઉપર ટ્રકનો ઓવરટેક કરીને આવતી ટાટા પંચ કારના ચાલકે બેફિકરાઈથી પોતાની કાર ચલાવી સામેથી આવતી વેગનઆર કારને જોરદાર ટક્કર મારી અકસ્માત સર્જ્યો હતો. આ અકસ્માતમાં વેગનઆર કાર ચાલક સહિત ત્રણ વ્યક્તિઓને ફ્રેકચર જેવી ગંભીર ઈજાઓ પહોંચી હતી.

જામનગર જીલ્લાના કાલાવડ તાલુકાના મોટા ભાડૂકીયા ગામના રહેવાસી હાર્દિકભાઈ ગોપાલભાઈ તાડા ઉવ.૨૮ કે જેઓ રાજકોટ નજીક છાપરા ગામે વિઝન એન્ટરપ્રાઈઝ કારખાનામાં જોબવર્કનું કામ કરે છે, ત્યારે ગઈ તા.૧૯/૦૨ના રોજ હાર્દિકભાઈ કારખાનાના કામે છાપરાથી ટંકારા પોતાની વેગનઆર કાર રજી.નં. જીજે-૧૦-ડીઈ-૨૭૩૫ લઈને તેમના મિત્રો યોગેશભાઈ અશોકભાઈ અને સ્મિતભાઈ એમ બધા જતા હોય ત્યારે ટંકારા તાલુકા વિસ્તારના મિતાણા-નેકનામ રોડ ઉપર હમીરપર ગામના પાટીયા પાસે રોડ ઉપર સામેથી આવતી ટાટા પંચ રજી.નં. જીજે-૧૦-ડીઆર-૦૬૧૧ના ચાલકે પોતાની કાર ફૂલ સ્પીડમાં ચલાવી આવી ટ્રકનો ઓવરટેક કરીને સામેથી આવતી વેગનઆર કારને જોરદાર ટક્કર મારી અકસ્માત સર્જ્યો હતો. ત્યારે આજુ બાજુ થી એકઠા થયેલા લોકોએ હાર્દિકભાઈ તથા તેમના મિત્રોને કારમાંથી બહાર કાઢેલ અને ૧૦૮ મારફત રાજકોટની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા, જ્યારે અકસ્માત સર્જી ટાટા પંચ કારનો ચાલક પોતાની કાર સ્થળ ઉપર રેઢી મૂકીને નાસી ગયો હતો. અકસ્માતમાં હાર્દિકભાઈને અને તેમના બે મિત્રોને ફ્રેકચર જેવી ઈજાઓ પહોંચી હતી, ત્યારે હાલ ફરિયાદી હાર્દિકભાઈની ફરિયાદને આધારે ટંકારા પોલીસે આરોપી ટાટા પંચ કારના ચાલક સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીમાં દશનામ ગોસ્વામી સમાજનો કાલે ૧૫મો સમુહ લગ્નોત્સવ

## સમુહ લગ્નમાં લાખેણા કરિયાવર સાથે પાંચ દિકરીઓને સાસરે વળાવાશે

**અબતક, ૠષિ મહેતા, મોરબી**

મોરબી ખાતે કાલે તા. ૨૨-૦૨-૨૦૨૬ ને રવિવારે સવારે ૯ વાગ્યે શ્રી રામધન આશ્રમ મહેન્દ્રનગર ખાતે દશનામ ગોસ્વામી સમાજનો ૧૫મો સમુહ લગ્નોત્સવ યોજાશે. સમુહલગ્નમાં ૫ યુગલો લગ્નગ્રંથિમાં બંધાશે.

મોરબીમાં શ્રી દશનામ ગોસ્વામી સમૂહ લગ્નોત્સવ સમિતિ પ્રવિણભારતી ચંદ્રકાંતભારતી ગોસ્વામી ટીમના આયોજન હેઠળ દશનામ ગોસ્વામી સમાજનો પંદરમો સમુહ લગ્નોત્સવ તા.૨૨ના રવિવારે સવારે ૯ વાગ્યે શ્રી રામધન આશ્રમ ખાતે યોજાનાર છે. આ સમુહલગ્નમાં ૫ યુગલો વૈદિક વિધિ મુજબ લગ્નગ્રંથિમાં જોડાશે. સમાજ દ્વારા કન્યાઓને કરિયાવર રૂપે સોના-ચાંદીના દાગીના સહિત કુલ ૮૯ ઉપયોગી ચીજવસ્તુઓ ભેટરૂપે અર્પણ કરવામાં આવશે. આ પ્રસંગે સંતો-મહંતો તેમજ સૌરાષ્ટ્ર-ગુજરાતભરના દશનામ ગોસ્વામી સમાજના અગ્રણીઓ અને આગેવાનો ઉપસ્થિત રહેશે. નોંધનીય છે કે સમાજના સહયોગથી છેલ્લા ૧૫ વર્ષથી સમુહલગ્નનું આયોજન સફળતાપૂર્વક કરવામાં આવી રહ્યું છે તેમ યાદીમાં જણાવ્યું છે.

# મોરબીમાં મહાશિવરાત્રીએ પણ માંસ-મટનનું વેચાણ ચાલુ રાખનાર બે દુકાનદારો સામે કાર્યવાહી

## વિશ્વ હિન્દુ પરિષદની લેખિત રજૂઆત બાદ પોલીસમાં નોંધાતો ગુનો

**અબતક**
**ૠષિ મહેતા, મોરબી**

મોરબીમાં તા.૧૫/૦૨/૨૦૨૬ના રોજ મહાશિવરાત્રી નિમિત્તે કતલખાનાં અને માંસ-મટન વેચાણ પર પ્રતિબંધ હોવા છતાં નોનવેજની બે દુકાનો ચાલુ રાખવામાં આવી હતી. આ અંગે થયેલી લેખિત રજૂઆતના આધારે પાલિકા તંત્ર હરકતમાં આવ્યું અને બંને દુકાનદારો સામે સીટી એ ડિવિઝન પોલીસ મથક ખાતે ગુનો નોંધાયો છે.

મોરબી મહાનગરપાલિકાના કમિશનર દ્વારા તા.૧૩/૦૨/૨૦૨૬ના રોજ જાહેરનામું બહાર પાડીને તા.૧૫/૦૨/૨૦૨૬ના મહાશિવરાત્રી પર્વ નિમિત્તે તમામ પ્રકારના કતલખાનાં બંધ રાખવા તેમજ માંસ, મટન, ચિકન અને મચ્છીના વેચાણ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. છતાં કેટલાક વેપારીઓ દ્વારા જાહેરનામાનો ભંગ કરાયો હોવાની ફરિયાદ ઉઠી હતી. ત્યારે વિશ્વ હિન્દુ પરિષદ મોરબીના પ્રમુખ કમલેશભાઈ બોરીચા દ્વારા મહાનગરપાલિકામાં લેખિત અરજી આપવામાં આવતા તપાસ હાથ ધરી હતી. જેમાં પ્રથમ બનાવમાં મોરબીના શક્તિ ચોક પાસે આવેલી 'સરકાર બાવા અહમદશાહ' જૂના બસ સ્ટેશન નજીક અયોધ્યાપુરી મેઈન રોડ પર રૂદ્રાક્ષ પ્લાઝામાં આવેલી 'ન્યૂ યાદગાર કેટરર્સ' સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે. બંને ફરિયાદોના આધારે મોરબી સીટી એ ડિવિઝન પોલીસે બન્ને આરોપી નોનવેજ દુકાનદાર વિરુદ્ધ જાહેરનામા ભંગની કલમ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

# ઘાંટીલામાં દવા છંટકાવ દરમિયાન ઝેરી અસર થતા શ્રમિકનું મોત

**અબતક**
**ૠષિ મહેતા, મોરબી**

માળીયા(મી) તાલુકાના જુના ઘાંટીલા ગામની સીમમાં જીરાના ખેતરમાં દવા છંટકાવ કરતી વખતે ઝેરી અસર થતા ખેતશ્રમિકનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. આ બનાવ અંગે માળીયા(મી) પોલીસે અ.મોતની નોંધ કરી છે.

માળીયા(મી) તાલુકાના જુના ઘાંટીલા ગામની સીમમાં રજનીશભાઈ પિતાંમ્બરભાઈ પટેલની વાડીએ જીરાના પાકમાં દવાનો છંટકાવ કરતી વખતે સુરસીંગભાઈ રતનભાઈ ડાવર ઉવ.૩૫ મૂળ રહેવાસી પાહાડવા ગામ તા. જોબટ, જી. અલીરાજપુર મધ્યપ્રદેશ વાળાને ઝેરી દવાની અસર થઈ હતી. જેથી તેઓને તા.૧૪/૦૨/૨૦૨૬ના રોજ ઝેરની અસર જણાતા તેમને પ્રાથમિક સારવાર માટે જેતપર સરકારી હોસ્પિટલમાં ખસેડાયા હતા અને ત્યારબાદ વધુ સારવાર માટે મોરબી સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જોકે સારવાર દરમિયાન તા. ૨૦/૦૨/૨૦૨૬ના રોજ તેમનું મોત નિપજ્યું હતું.

# મોરબીના બગસરામાં જર્જરીત વીજ લાઇન રીપેર કરવા મહિલા સરપંચની ઉગ્ર માંગ

## વર્ષો જુના થાંભલા-ટ્રાન્સફોર્મર વાયરો નહીં બદલાય તો આંદોલન સાથે રાજીનામુ દઈ દેવાની સરપંચની ચીમકી

**અબતક**
**ૠષિ મહેતા, મોરબી**

માળીયા(મી) તાલુકાના બગસરા ગામમાં વર્ષો જૂના વીજ પોલ અને બિસ્માર ટ્રાન્સફોર્મરની સમસ્યા હલ ન થતા મહિલા સરપંચે ઉગ્ર આંદોલનની ચીમકી આપી છે. તાત્કાલિક મેઈન્ટેનન્સ નહીં થાય તો ગ્રામજનો સાથે ધરણાં પ્રદર્શન અને સરપંચ પદેથી રાજીનામું આપવાની ચેતવણી આપવામાં આવી છે.

માળીયા(મી) તાલુકાના બગસરા ગામમાં વીજ તંત્રની બેદરકારી સામે ગ્રામ પંચાયતના સરપંચ ગૌરીબેન નાગજીભાઈ પીપળીયા દ્વારા પીજીવીસીએલની પીપળીયા પેટા વિભાગીય કચેરીને લેખિત પત્ર પાઠવી ગામમાં તાત્કાલિક સુધારાકામ કરવાની માંગ કરવામાં આવી છે. પત્રમાં જણાવાયું છે કે ગામનું જૂનું ટ્રાન્સફોર્મર અત્યંત બિસ્માર હાલતમાં છે અને ફ્યુઝ-ડીયામાં વારંવાર ફોલ્ટ સર્જાતા જૂના ગામ વિસ્તારમાં પૂરતો વીજ પુરવઠો મળતો નથી. ખાસ કરીને ગામની પ્રાથમિક શાળા પાસે આવેલા વીજ પોલ નમી ગયા છે અને ખુલ્લા વાયરો પસાર થતા હોવાને કારણે ૨૦૦થી વધુ બાળકોના જીવ પર જોખમ ઊભું થયું છે.

ગ્રામ પંચાયત દ્વારા વર્ષ ૨૦૨૨ અને ૨૦૨૪માં પણ રજૂઆતો કરાઈ હોવા છતાં કામગીરી ન થતા સરપંચે કડક શબ્દોમાં ચેતવણી આપી છે કે જો તાત્કાલિક મેઈન્ટેનન્સ નહીં થાય તો ગ્રામજનો સાથે મળી કચેરીએ ધરણાં પ્રદર્શન કરવામાં આવશે. સાથે જ તંત્રની નિષ્ક્રિયતા સામે વિરોધ સ્વરૂપે સરપંચ પદેથી રાજીનામું આપવાની પણ ચીમકી ઉચ્ચારી છે. સરપંચે મોરબી કલેક્ટર ઓફીસ, જીલ્લા વિકાસ અધિકારી, ઉર્જા મંત્રી (ગાંધીનગર) તેમજ સંબંધિત કાર્યપાલક ઈજનેરને પણ નકલ રવાના સાથે જાણ કરી તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરી છે.



# લખતર: બાબાજીપરા ગામની બજારોમાં ઠેર-ઠેર ગંદા પાણીના ખાબોચિયાં ભરાતા રોગચાળાની ભીતિ



### અનેક વખત રજૂઆત કરવા છતાં કોઈ જ ઉકેલ નહી આવતા પ્રજામાં રોષ

**અબતક, ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

લખતર તાલુકાના બાબાજીપરા ગામની અંદર પ્રાથમિક સુવિધાનો અભાવ જોવા મળી રહ્યો છે. જેમાં બાબાજીપરા ગામના પરા વિસ્તારમાં પાણીનો યોગ્ય નિકાલ નહીં હોવાના કારણે રહેણાક વિસ્તારોની આસપાસ ઠેરઠેર ગંદા પાણીના ખાબોચિયાં ભરાઈ રહેતા સ્થાનિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ વિસ્તારમા ગંદા પાણી ભરાઈ રહેવાના કારણે માખી તેમજ મચ્છરનો ઉપદ્રવ પણ વધતા રોગચાળો ફેલાવાની શક્યતાઓ સેવાઈ રહી છે. તેમજ પરા વિસ્તારમા પાણીનો યોગ્ય નિકાલ નહીં હોવાના કારણે મુખ્ય બજારોમા ઠેરઠેર કાદવ કીચડનુ સામ્રાજ્ય છવાયેલું રહેતા નાના બાળકો તથા વૃદ્ધોને રસ્તા પર ચાલવું પણ મુશ્કેલ બન્યું છે.

# અજીતગઢમાં સીડી પરથી પટકાતા યુવકનું મોત

**અબતક, ૠષિ મહેતા, મોરબી**

હળવદ તાલુકાના અજીતગઢ ગામે વાસુદેવભાઈ ગગજીભાઈ ઈટોદરા ઉવ.૩૫ ગત તા.૧૫/૦૨/૨૦૨૬ના રોજ પોતાના ઘરે ધાબાની સીડી પરથી અકસ્માતે પગ લપસતા નીચે પટકાયા હતા. જેમાં તેઓને માથાના પાછળના ભાગે ગંભીર ઈજા પહોંચતા તેમને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નીપજ્યું હતું. મૃત્યુના બનાવ અંગે હળવદ પોલીસે અ. મોતની નોંધ કરી આગળની વધુ તપાસની તજવીજ શરૂ કરી છે.

# વાંકાનેરના મિલપ્લોટ વિસ્તારમાં જાહેરમાં જુગાર ખેલતા સાત ઝબ્બે

**અબતક, ૠષિ મહેતા, મોરબી**

વાંકાનેર ટાઉન વિસ્તારમાં મિલ પ્લોટ ડબલ ચાલી શેરીમાં જાહેર ખુલ્લા પટ્ટમાં ગંજીપત્તાના પાના વડે પૈસાની હારજીતનો તીનપત્તિનો જુગાર રમતા ગફુરભાઈ ઈસ્માઈલભાઈ મોવર, બીલાલભાઈ વલીમામદભાઈ આંબલીયા ઉવ-૩૬, સબીરભાઈ હાસમભઈ કટીયા ઉવ-૩૧, અનવરભાઈ દાઉદભાઈ બાબરીયા ઉવ-૫૫, મોઈન ઉર્ફે મોન્ટી ઉસ્માનભાઈ હાલા ઉવ-૫૫, રશુલભાઈ રહીમભઈ મોવર ઉવ-૩૦ તથા હાસમભાઈ દોશમામદભાઈ મોવરને રોકડા રૂ.૨૯,૦૦૦/-સહિતના મુદ્દામાલ સાથે અટકાયત કરવામાં આવી છે.

# વાંકાનેરમાં ફેક્ટરીના લેબર રૂમમાં શ્રમિકનો ગળેફાંસો ખાઈ આપઘાત

**અબતક, ૠષિ મહેતા, મોરબી**

વાંકાનેર શહેરના જુના રાજા વડલા રોડ પર આવેલી કોટેજ ફેક્ટરીમાં કામ કરતા માન્ડો સીરાજભાઈ સોરણ ઉવ.૧૯ એ ગઈકાલ તા. ૨૦/૦૨/૨૦૨૬ના રોજ ફેક્ટરીના લેબર રૂમમાં ગળેફાંસો ખાઈ લીધો હોવાનું બહાર આવ્યું છે. બનાવની જાણ થતાં તેમને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પર રહેલ ડોક્ટરે એમને જોઈ તપાસી મરણ ગયાનું જાહેર કર્યું છે. હાલ વાંકાનેર સીટી પોલીસે અ. મોતની નોંધ કરી આગળની તપાસ ચલાવી છે.

# હિંગોળગઢ નજીક પાણીના સમ્પ પાસે શંકાસ્પદ હાલતમાં સ્ત્રીનો મૃતદેહ મળ્યો

## વીછિયા પોલીસે મોતનું કારણ જાણવા અને મૃતકની ઓળખ મેળવવા તજવીજ હાથ ધરી

**અબતક રાજકોટ**

વીછિયા તાલુકાના હિંગોળગઢથી ગુદાળા ગામ તરફ જવાના રસ્તે ગઈકાલે બપોરે અજાણી મહિલાનો મૃતદેહ મળી આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. ઘટનાની જાણ થતા જ પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી આગળની તપાસ હાથ ધરી છે.પ્રાપ્ત વિગતો અનુસાર, હિંગોળગઢ અને ગુદાળા ગામ વચ્ચે આવેલા પાણીના સંપ (ટાંકી) પાસે આશરે ૪૦ વર્ષની વયની અજાણી સ્ત્રીની લાશ પડી હોવાની જાણ સ્થાનિકોને થઈ હતી. આ અંગેની જાણ થતા વીછિયા પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે પ્રાથમિક પંચનામું કરી મૃતદેહનો કબજો સંભાળ્યો હતો. મૃત્યુનું ચોક્કસ કારણ જાણવા માટે મહિલાના મૃતદેહને તાત્કાલિક રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ફોરેન્સિક પોસ્ટમોર્ટમ (PM) અર્થે ખસેડવામાં આવ્યો છે. રિપોર્ટ આવ્યા બાદ જ મોતનું સાચું કારણ સ્પષ્ટ થશે. હાલ આ મહિલા કોણ છે અને ક્યાંની રહેવાસી છે તે અંગે કોઈ ઓળખ થઈ શકી નથી. વીછિયા પોલીસે આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી મહિલાની ઓળખ મેળવવા આસપાસના ગામોમાં તપાસ અને મૃત્યુ કુદરતી છે, અકસ્માત છે કે પછી હત્યા? તે દિશામાં ચક્રો ગતિમાન કર્યા છે.

# પ્રાકૃતિક કૃષિથી ખેડૂતો સમૃદ્ધ બનશેઃ રાજ્યપાલ આચાર્ય દેવવ્રત

**રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને જામનગર જિલ્લામાં ભાદરા ગામે યોજાયો 'પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ'**

**રાજ્યપાલએ કૃષિ સખી, કિસાન મિત્રો તેમજ ખેડૂતોને સંબોધીને પ્રાકૃતિક કૃષિ અંગે પ્રેરણા આપી**

**રાજ્યપાલ એ 'સેવા સેતુ' કાર્યક્રમ અને પ્રાકૃતિક કૃષિના વિવિધ સ્ટોલ્સની મુલાકાત લીધી**





### રાજ્યપાલે સાદા ભોજન સાથે આપ્યો સમરસતાનો સંદેશ



આચાર્ય દેવવ્રત એ જામનગર જિલ્લાના ભાદરા ગામે અનુસૂચિત જાતિના પરિવારના ઘરે જઈ જમીન પર બેસીને ભોજન લીધું હતું. રાજ્યના સર્વોચ્ચ બંધારણીય પદે હોવા છતાં તેમણે સાદગીનો પરિચય આપતા અનિલભાઈ જીવરાજભાઈ પરમારના ઘરે પરિવારજનની જેમ સમય વિતાવ્યો હતો. મેથી-બટાટાનું શાક, રોટલી અને દાળ જેવા સાદા ભોજનનો સ્વીકાર કરી રાજ્યપાલે સામાજિક સમરસતાનો સંદેશ આપ્યો હતો. તેમની સહજતા અને આત્મીય વર્તનથી ગ્રામજનોમાં ખુશીનો માહોલ છવાયો હતો.

### ઝાડુ હાથમાં લઈ રાજ્યપાલે આપ્યો સ્વચ્છતાનો સંદેશ



આચાર્ય દેવવ્રત એ જામનગર જિલ્લાના ભાદરા ગામે વૃક્ષારોપણ અને સ્વચ્છતા અભિયાનમાં સહભાગી બની પર્યાવરણ જતનનો સંદેશ આપ્યો હતો. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ના ''એક પેડ માં કે નામ'' અભિયાનને વેગ આપતા રાજ્યપાલે વૃક્ષારોપણ કર્યું હતું. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે, ''વૃક્ષને ઉછેરવું એ પુણ્યનું કામ છે, પરંતુ તેને સુકાવા દેવું એ ભ્રૂણ હત્યા સમાન પાપ છે.'' રાજ્યપાલે સ્વચ્છતા હી સેવાના મંત્રને સાર્થક કરતાં જાતે ઝાડુ પકડી ગ્રામ પંચાયત ચોક ખાતે સફાઈ કરી ગ્રામજનોને પ્રેરણા આપી હતી. સમગ્ર ભાદરા ગામ આ જનજાગૃતિ અભિયાનમાં ઉત્સાહપૂર્વક જોડાયું હતું.

આચાર્ય દેવવ્રત ના અધ્યક્ષસ્થાને જામનગર જિલ્લાના જોડિયા તાલુકાના ભાદરા ગામે સ્વામિનારાયણ મંદિરમાં ગ્રામ કલ્યાણ કાર્યક્રમ અંતર્ગત પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ અને સેવા સેતુ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમ દરમિયાન રાજ્યપાલે કૃષિ સખીઓ, કિસાન મિત્રો અને મોટી સંખ્યામાં ઉપસ્થિત ખેડૂતોને સંબોધીને પ્રાકૃતિક ખેતી અપનાવવાનો સંદેશ આપ્યો હતો.

રાજ્યપાલે જણાવ્યું કે, વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવી મહત્વપૂર્ણ યોગદાન આપી શકે છે. રાસાયણિક ખેતીમાં પાણી અને ખાતરનો ખર્ચ વધુ થાય છે, જ્યારે પ્રાકૃતિક ખેતીમાં ઓછા ખર્ચે વધુ અને ગુણવત્તાયુક્ત ઉત્પાદન મેળવી શકાય છે. પ્રાકૃતિક કૃષિથી ઉત્પાદન ઘટતું નથી, પરંતુ જમીનની ફળદ્રુપતા વધતા તે ઉત્તરોત્તર વધે છે.

કાર્યક્રમ દરમિયાન રાજ્યપાલે પ્રાકૃતિક કૃષિના વિવિધ સ્ટોલની મુલાકાત લીધી હતી. સેવા સેતુ કાર્યક્રમ અંતર્ગત આવકના દાખલા, આયુષ્માન કાર્ડ, રસીકરણ, કૃષિ અને પશુપાલન સંબંધિત માહિતી સહિતની સરકારની જનકલ્યાણકારી યોજનાઓના લાભો ગ્રામજનોને આપવામાં આવ્યા હતા.

જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરે જિલ્લામાં પ્રાકૃતિક ખેતી માટે રચાયેલા ક્લસ્ટર, બાયો ઈનપુટ સેન્ટર્સ અને મોડલ ફાર્મ અંગે માહિતી આપી હતી. મોટી સંખ્યામાં ખેડૂતો, અધિકારીઓ અને કૃષિ સખીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ઊંડ નદી કિનારે રાજ્યપાલની રાત્રિ સભામાં શિક્ષણનો સંદેશ



આચાર્ય દેવવ્રત એ જામનગર જિલ્લાના ભાદરા ગામે ઊંડ નદીના તટે રાત્રી સભા યોજી ગ્રામજનો સાથે આત્મીય સંવાદ સાધ્યો હતો.

રાજ્યપાલએ જણાવ્યું હતું કે, ''ગંદકી કરનાર કરતાં સાફ કરનાર હંમેશા મહાન હોય છે.'' તેમણે સ્વચ્છતા હી સેવાનો મંત્ર આપતા ગામને સ્વચ્છ રાખવા સૌને અપીલ કરી હતી તેમજ દીકરા-દીકરી બંનેને ઉચ્ચ શિક્ષણ આપવા વાલીઓને પ્રેરિત કર્યા હતા.ભાદરાને આદર્શ ગામ બનાવવા માટે બાવળમુક્ત કરી વડ, પીપળા અને ઉમરા જેવા ઘટાદાર વૃક્ષો વાવવા આહ્વાન કર્યું હતું. જન્મદિવસ અને શુભ પ્રસંગોએ વૃક્ષારોપણ કરવાની પરંપરા શરૂ કરવા પણ તેમણે પ્રોત્સાહન આપ્યું હતું.

# છત્રપતિ શિવાજી મહારાજની જન્મ જયંતિની ઉજવણી નિમિત્તે શોભાયાત્રામાં શૌર્યની ગાથા થઈ સજીવન

**ગણેશ મરાઠા મંડળ – ચાંદી બજાર દ્વારા હિન્દૂ હૃદય સમ્રાટ છત્રપતિ શિવાજી મહારાજની મૂર્તિ સાથે ના ફ્લોટ્સ સહિત નગર ભ્રમણ કર્યું**



જામનગર શહેરમાં ગત વર્ષ ની જેમજ આ વખતે પણ ગણેશ મરાઠા મંડળ - ચાંદી બજાર દ્વારા છત્રપતિ શિવાજી મહારાજની જયંતિની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. અને ૧૯ મી ફેબ્રુઆરી ૨૦૨૬ ગુરુવારનાં રોજ સવારે ૭ વાગ્યે મહાકાળી મંદિર, પસાયા થી જામનગર સુધી મશાલ યાત્રા નું આયોજન કરાયું હતું.

ત્યારબાદ સાંજે ૫ વાગ્યે ચાંદી બજાર વિસ્તારમાંથી શોભાયાત્રા યોજાઇ હતી. જેમાં છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમા સાથેનો ફ્લોટ્સ જોડાયો હતો.

મહારાષ્ટ્રીયન મહિલાઓ દ્વારા પારંપારિક લેજિમ નૃત્ય તેમજ બાળકો દ્વારા વિવિધ વેશભૂષા ધારણ કરવામાં આવી હતી,ત્યારબાદ શિવાજી મહારાજ ને નગર ભ્રમણ કરાવવામાં આવ્યું હતું.


જામનગરમાં ચાંદીબજાર વિસ્તારમાં છેલ્લા ૪૧ વર્ષથી ગણેશ મહોત્સવનું આયોજન કરતા ગણેશ મરાઠા મંડળ દ્વારા આ વખતે ચોથી વખત છત્રપતિ શિવાજી મહારાજની જન્મ જયંતિની વિશેષ રૂપે ઉજવણી કરવામાં આવી હતી.

૩૯૯મી છત્રપતિ શિવાજી મહારાજ ની જન્મ જયંતી નિમિત્તે સાંજે પાંચ વાગ્યે ચાંદી બજાર વિસ્તારમાંથી શિવાજી મહારાજની શોભાયાત્રા નું આયોજન કરવામાં આવ્યું હતું.

શોભાયાત્રા ચાંદી બજારથી પ્રારંભ થઈ સેન્ટ્રલ બેન્ક રોડ, હવાઈ ચોક, ભાટ ની આંબલી, પંચેશ્વર ટાવર, બેડી ગેઈટ, રણજીત રોડ થઈ ફરી ચાંદી બજારમાં પરિપૂર્ણ થઈ હતી.

આ શોભાયાત્રા માં ગણેશ મરાઠા મંડળના પરિવારજનો ઉપરાંત જામનગરમાં વસવાટ કરતા અન્ય મહારાષ્ટ્રીયન પરિવાર ના સભ્યો વગેરે બહોળી સંખ્યામાં જોડાયા હતા.

# દરિયાઈ સરહદે ચાંપતી નજર મરીન ટાસ્ક ફોર્સની સઘન કોમ્બિંગ





**ખીજડીયાથી સચાણા સુધી દરિયામાં શંકાસ્પદ બોટ પર ત્રાટક્યા મરીન કમાન્ડો, ફૂટ પેટ્રોલિંગથી ચેકિંગ**

લાંબા દરિયા કિનારો અને સરહદી વિસ્તાર તેમજ ખાનગી કંપનીઓને પગલે જામનગર જિલ્લો અતિ સંવેદનશીલ માનવામાં આવે છે. ત્યારે દરિયાઈ સુરક્ષાને વધુ મજબુત બનાવવા જામનગરના ખીજડીયાથી સચાણા જેટી સહિતના દરિયાઈ વિસ્તારમાં મરીન ટાસ્ક ફોર્સ દ્વારા ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. આ વેળાએ શંકાસ્પદ બોટ અને વસ્તુઓ તપાસવામાં આવી હતી.

ખીજડીયાથી સચાણા જેટી તેમજ સમગ્ર કોસ્ટલ વિસ્તારમાં એ.ટી.એસ અને કોસ્ટલ સિક્યુરિટીના એડિશનલ ડીજીપી અમિતકુમાર વિશ્વકર્મા, દરિયાઈ સુરક્ષા અને મરીન ટાસ્ક ફોર્સના આઈજીપી પી.એલ. માલ, મરીન ટાસ્ક ફોર્સ હજીરાના એસપી એસ.જે. પરમારના માર્ગદર્શન હેઠળ જામનગર મરીન ટાસ્ક ફોર્સ સેક્ટરના પો.ઈ.ડીઆર યાદવ તથા ડી.એચ.જાડેજા તથા તમામ મરીન કમાન્ડો દ્વારા ફૂટ પેટ્રોલિંગ કરાયું હતું. સઘન કોસ્ટલ પેટ્રોલિંગ દરમિયાન મરીન કમાન્ડોની અલગ અલગ ટીમો દ્વારા શંકાસ્પદ શખ્સો, શંકાસ્પદ બોટ અને અવવારૂ જગ્યાઓમાં જઈ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

**વ્રજધામ હવેલીના પટાંગણમાં**

# વીવાયઓ આયોજીત હોરી રસિયા અને ફૂલ-ફાગ મહોત્સવમાં નૃત્ય-ગાનમાં અલૌકિક અહેસાસ

**વ્રજરાજકુમારજી મહોદયના સાન્નિધ્યમાં હજારો વૈષ્ણવો ભક્તિરસમાં તરબોળ**





જામનગરના લાલપુર રોડ સ્થિત વ્રજ ધામ હવેલીના પટાંગણમાં વલ્લભ યુથ ઓર્ગેનાઈઝિંગ દ્વારા દિવ્ય હોલી રસિયા અને ફૂલ-ફાગ મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયો હતો. વૈષ્ણવાચાર્ય વ્રજરાજકુમારજી મહોદયના પાવન સાન્નિધ્યમાં યોજાયેલા આ મહોત્સવમાં હજારો વૈષ્ણવ ભક્તો ઉમટી પડ્યા હતા.

પુષ્ટિમાર્ગીય પરંપરા અનુસાર ભક્તો રંગબેરંગી ફૂલોની વર્ષા વચ્ચે હોલી રસિયાના નૃત્ય-ગાનમાં લીન થઈ સંગ ફૂલ ફાગ ઉત્સવનો અલૌકિક આનંદ માણ્યો હતો. સમગ્ર વાતાવરણ ભક્તિ, આનંદ અને ઉત્સાહથી છલકાયું હતું.

આ પ્રસંગે વ્રજરાજકુમારજી મહોદયએ આશીર્વચન પાઠવતા જણાવ્યું હતું કે જામનગર દ્વારા પ્રતિવર્ષ આયોજિત આ મહોત્સવ સમાજને ભક્તિ અને સંસ્કાર સાથે જોડે છે. તેમણે મહત્વપૂર્ણ જાહેરાત કરતાં જણાવ્યું હતું કે આ જ પવિત્ર સ્થાને ટૂંક સમયમાં વિશાળ વ્રજધામ હવેલી અને આધ્યાત્મિક-સામાજિક સંકુલનું નિર્માણ શરૂ થશે. આ સંકુલમાં ભગવાન શ્રીનાથજી બિરાજમાન થશે તેમજ સત્સંગ હોલ, પ્રી-સ્કૂલ, લાયબ્રેરી અને ગેસ્ટહાઉસ જેવી સુવિધાઓ ઉપલબ્ધ રહેશે.

હવેલી નિર્માણ માટે ભૂમિદાન આપનાર દાતા સુરેશભાઈ કાછડીયા અને લીનાબેન કાછડીયાને આશીર્વાદ પાઠવવામાં આવ્યા હતા. સમાજ નિર્માણ અને સંસ્કાર સિંચન માટે દ્વારા કરવામાં આવતી પ્રવૃત્તિઓની પ્રશંસા કરતાં તેમણે જણાવ્યું હતું કે હાલમાં ૪૦૦થી વધુ બાળકોને સંસ્કાર અને શિક્ષણ આપવામાં આવી રહ્યું છે.

આ મહોત્સવમાં દેશ-વિદેશથી મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય દાતા તરીકે શારદાબેન દોંગા પરિવાર સહિત અનેક શ્રેષ્ઠીઓએ સહયોગ આપ્યો હતો. આયોજનને સફળ બનાવવા જામનગરના પ્રમુખ દીપકભાઈ વૈષ્ણવ અને ટીમે અવિરત સેવાઓ આપી હતી.

આ ભવ્ય ફૂલ-ફાગ મહોત્સવ જામનગરના વૈષ્ણવ સમાજ માટે યાદગાર આધ્યાત્મિક અનુભૂતિ બની રહ્યો હતો.

**''તેરા તુજકો અર્પણ'' અંતર્ગત**

# ખોવાયેલો મોબાઈલ મૂડ માલિકને પરત કરતી પોલીસ



જામનગરના જીલ્લા પોલીસ અધિક્ષક ડો.રવિ મોહન સૈની દ્વારા જામનગરના પોલીસ વિભાગમાં ''તેરા તુજકો અર્પણ'' અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. જે અંતર્ગત સિટી- બી ડિવિઝન પોલીસ સ્ટેશનની ટિમ દ્વારા જામનગરના બુઝુર્ગ મુકુંદ પરૂસોતમભાઈ વેદ નામના વૃદ્ધ નો રેડમી કંપની નો મોબાઈલ જેની કિંમત રૂ.૨૦,૦૦૦ પરત કરવામાં આવ્યો હતો.

જામનગરમાં પટેલ કોલોની.૦૬ વિસ્તારમાં રહેતા મુકુંદ પરૂસોતમભાઈ વેદ નામના ૭૧ વર્ષીશ વૃદ્ધ નો રેડમી કંપની નો મોબાઈલ ફોન પટેલ કોલોની વિસ્તારમાં ખોવાઈ ગયો હતો. જેની જાણ સિટી-બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં કરવામાં આવી હતી.

ત્યારબાદ, સિટી-બી ડિવિઝન પોલીસ સ્ટેશન ના પી.આઈ. પી.પી.ઝા ના માર્ગદર્શન હેઠળ પો.કોન્સ્ટેબલ દિવ્યરાજસિંહ જાડેજા અને પો.હેડ.કોન્સ્ટેબલ જાવેદભાઈ વજગોળ દ્વારા સી.સી.ટી.વી ફૂટેજ, ટેકિન્કલ સોફ્ટવેર તેમજ હ્યુમન સોર્સ ની મદદ થી મોબાઈલફોન શોધી ને અરજદાર મુકુંદભાઈ વેદ ને સિટી-બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં બોલાવી પરત કરવામાં આવ્યો હતો. જેઓએ પોલીસ ટીમનો આભાર માન્યો હતો.

